સુવિચાર

વિશ્વાસ અને મહેનત જ બે સફળતાના સૌથી મોટા શસ્ત્રો છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)

mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક





સોશિયલ મીડિયામાં હથિયાર સાથે રીલ્સ બનાવવી ભારે પડીઃ ચાર સામે ફરિયાદ P-4



Year-16, Issue-64 ■ DATE : 21-06-2025 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# વૈશ્વિક અશાંતિ અને અસ્થિરતા વચ્ચે યોગ શાંતિનો માર્ગઃ નરેન્દ્ર મોદી

## સમુદ્રના પેટાળથી માંડીને હિમાલયની ઉંચાઈ સુધી ભારત સહિત દુનિયાભરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવીઃ વિશાખાપટ્ટનમમાં ૩.૧૯ લાખ લોકો સાથે યોગ કરતા વડાપ્રધાન





**મુખ્ય સમાચાર, વિશાખાપટ્ટનમ**

સમુદ્રના પેટાળથી માંડીને હિમાલયની ઉંચાઈ સુધી ભારત સહિત દુનિયાભરમાં આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક અસ્થિરતામાં યોગ શાંતિનો માર્ગ હોવાનુ જણાવીને આખી દુનિયા યોગને કારણે એક તાંતણે બંધાયાનુ જાહેર કર્યુ હતુ.

મોદી વિશાખાપટ્ટનમ ખાતે યોગદિનની ઉજવણીમાં સામેલ થયા હતા. રાષ્ટ્રપતિએ દહેરાદૂન ખાતે ભાગ લીધો હતો. દિલ્હીમાં ૪૦ દેશોના રાજદૂતો કાર્યક્રમમાં સામેલ થયા હતા. જુદા-જુદા ક્ષેત્રોના મહાનુભાવોએ પણ અલગ-અલગ સ્થળોએ યોગ કર્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વિશાખાપટ્ટનમમાં ૩.૧૯ લાખ લોકો સાથે યોગ દિવસની ઉજવણી કરી હતી. તેમાં ૧૧૦૦૦ નૌસેનાના જવાનો તથા તેમના પરિવારોએ પણ ભાગ લીધો હતો. આ તકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે યોગનો વ્યાપ વધારવા માટે ભારત આધુનિક સંશોધનો મારફત યોગ વિજ્ઞાનને સશક્ત બનાવી રહ્યું છે.

યોગ આધારિત ચિકિત્સાને પણ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ દિશામાં દિલ્હી એઈમ્સ દ્વારા સારુ કામ કરવામાં આવ્યું છે. સંશોધનમાં એવું માલુમ પડયુ છે કે હૃદય સહિતના શારીરિક વિકારોના ઉપચારમાં યોગ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મહિલાઓના શારીરિક-માનસિક સ્વાસ્થ્યમાં પણ યોગનો રોલ મહત્વનો છે.

આ વર્ષે યોગ દિવસની થીમ એક પૃથ્વી કે લીયે યોગ, એક સ્વસ્થ કે લીયે યોગ રાખવામાં આવી હતી. આ થીમ ગંભીર વાસ્તવિકતા સુચવે છે. પૃથ્વીના દરેક પાસ માનવ સ્વાસ્થ્ય સાથે જોડાયેલા છે. પૃથ્વીની માટીથી ભોજન મળે છે, પૃથ્વી પરની નદીઓ જળ આપે છે. યોગ પરસ્પર જોડાણ તરફ જાગૃત કરે છે. દુનિયામાં એકતા સર્જે છે. આપણે અલગ-અલગ નથી પરંતુ પ્રકૃતિનો જ હિસ્સો હોવાનો સંદેશો આપે છે.

વડાપ્રધાને તંદુરસ્ત જીવનશૈલી પર જોર આપતા કહ્યું કે યોગને જનઆંદોલન બનાવવા સમયની જરૂરિયાત છે. વૈશ્વિક અસ્થિરતામાં તે શાંતિનો માર્ગ છે. યોગને વૈશ્વિક સમર્થન સામાન્ય ઘટના નથી. ૨૦૧૫ના યુનોના પ્રસ્તાવ વખતે વિશ્વએ એક સાથે સમર્થન આપ્યુ હતું. આજે ૧૧ વર્ષે યોગ વિશ્વભરના કરોડો લોકોની જીવનશૈલીનો ભાવ બની ગયો છે.

આ સિવાય રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દહેરાદૂન ખાતે યોગ ઉજવણી કાર્યક્રમમાં ભાગ લીધો હતો. પાટનગર દિલ્હીમાં લાલકિલ્લા ખાતે ભાજપ સાંસદ બાંસુરી સ્વરાજ સહિતના મહાનુભાવો જોડાયા હતા. સંસદભવનમાં સાંસદો જોડાયા હતા.

૧૪૦૦૦-૧૪૦૦૦ ફુટની ઉંચાઈએ પૈંગોંગત્સો ખાતે આઈટીબીપીના જવાનોએ યોગ કર્યા હતા. ઉતરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ જોડાયા હતા. ન્યુયોર્ક ખાતે ટાઈમ્સ સ્કવેરથી માંડીને વિશ્વના જુદા-જુદા દેશોમાં યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી થઈ હતી.

આંતર રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનાં ભાગરૂપે આજે દુનિયાનાં ૧૯૧ દેશોનાં ૧૩૦૦ શહેરોમાં યોગ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ભારતીય યોગનું મહત્વ દુનિયાનાં દેશોએ સ્વીકારી જ લીધું છે અને સ્વાસ્થ્યથી માંડીને માનસીક તનાવનાં ઉપાયરૂપે યોગને અનુસરી રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વિશાખાપટ્ટનમ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો અને તેમાં ગિનિસ વર્લ્ડ રેકોર્ડ સર્જાયો હતો. આરકે બીચથી ભોગપુરમ સુધી ૨૬ કી.મી. લાંબા માર્ગ પર એક સાથે ૩.૧૯ લાખ લોકોએ યોગ કર્યા હતા અને તેમાં ગિનિસ વર્લ્ડ રેકોર્ડ સર્જાયો હતો. બીજી તરફ ભારતમાં ૧૦૦ વિખ્યાત પ્રવાસન સ્થળો તથા ૫૦થી વધુ સાંસ્કૃતિક સ્થાનો પર કાર્યક્રમો સાથે યોગદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

# સુપ્રીમ અને હાઈકોર્ટના ન્યાયાધીશો માટે નવી આચારસંહિતા નક્કી કરાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

૨૪ જૂને સંસદની કાયદા અને ન્યાય અંગેની સ્થાયી સમિતિની મહત્વપૂર્ણ બેઠકમાં સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ન્યાયાધીશો માટે આચારસંહિતા નક્કી કરવા અને ન્યાયાધીશોની નિવૃત્તિ પછી કમિશન, ટ્રિબ્યુનલ સહિત અન્ય બંધારણીય પદો પર નિમણૂક અંગે નવી આચારસંહિતા જારી કરવા અંગે ચર્ચા થવાની છે.




ન્યાયતંત્રની સ્વતંત્રતા અને નિષ્પક્ષતા જાળવવા માટે સરકાર નજીકના ભવિષ્યમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લઈ શકે છે. હકીકતમાં, ૨૪ જૂને સંસદની કાયદા અને ન્યાય અંગેની સ્થાયી સમિતિની મહત્વપૂર્ણ બેઠકમાં, સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ન્યાયાધીશો માટે આચારસંહિતા નક્કી કરવા અને નિવૃત્તિ પછી કમિશન, ટ્રિબ્યુનલ અને અન્ય બંધારણીય પદો પર ન્યાયાધીશોની નિમણૂક અંગે નવી આચારસંહિતા જારી કરવા અંગે ચર્ચા થવાની છે.

આ બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે સરકાર ૨૧ જુલાઈથી શરૂ થઈ રહેલા સંસદના ચોમાસુ સત્રમાં રોકડ કૌભાંડ કેસમાં હાઈકોર્ટના ન્યાયાધીશ યશવંત વર્મા વિરૂદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ લાવવાની તૈયારી કરી રહી છે, જ્યારે વિપક્ષ દ્વેષપૂર્ણ ભાષણ કેસમાં બીજા ન્યાયાધીશ ન્યાયાધીશ શેખર યાદવ વિરૂદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ લાવવાની માંગ કરી રહ્યું છે.

ભૂતપૂર્વ અમલદાર અને રાજ્યસભા સાંસદ બ્રિજલાલની આગેવાની હેઠળની આ ૩૧ સભ્યોની સમિતિની બેઠકમાં સરકારનો પક્ષ રજૂ કરવા માટે કાયદા સચિવને બોલાવવામાં આવ્યા છે. આ બેઠકમાં હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની નિમણૂકની કોલેજિયમ સિસ્ટમ પર પણ ચર્ચા થશે.

આ સિસ્ટમ હેઠળ, ન્યાયાધીશોને બંને કોર્ટમાં ન્યાયાધીશોની નિમણૂક કરવાનો અધિકાર છે. ઘણા વર્ષોથી આ અંગે પ્રશ્નો ઉભા થયા છે. આ પરિસ્થિતિને બદલવા માટે, સરકારે ૨૦૧૫ માં રાષ્ટ્રીય ન્યાયિક નિમણૂક આયોગ બિલ પસાર કર્યું.

સમિતિ આ સંદર્ભમાં સરકારને મહત્વપૂર્ણ ભલામણો કરવાની યોજના ધરાવે છે. સમિતિના ઉચ્ચ પદસ્થ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બેઠકમાં નિર્ણય લેવામાં આવી શકે છે કે હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ નિવૃત્તિ પછી નિશ્ચિત સમય માટે સરકાર દ્વારા પ્રસ્તાવિત પદ સ્વીકારી શકતા નથી.

હાલમાં, નિવૃત્તિ પછી તરત જ કમિશન, ટ્રિબ્યુનલ અથવા બંધારણીય પદો પર હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની નિમણૂક કરવાની પરંપરા શરૂ થઈ છે.

# તમામ લોકર હોલ્ડર્સે નવા એગ્રીમેન્ટ પર સાઈન કરવાનું આવશ્યક

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આપણામાંથી મોટાભાગના લોકો બેંક લોકરનો ઉપયોગ કરતા જ હશે, હેં ને? તો આ સમાચાર તમારા માટે જ છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા બેંક લોકર સુવિધાને વધુ સુરક્ષિત અને પારદર્શક બનાવવા માટે કડક પગલાં લીધા છે. જો તમે હજી સુધી બેંક લોકર માટે અપડેટેડ રેન્ટલ એગ્રીમેન્ટ સાઈન નથી કર્યા તો તમારા માટે મુશ્કેલી ઊભી થઈ શકે છે. તમારું બેંક એકાઉન્ટ સીલ થઈ શકે છે કે તમે આ સર્વિસથી વંચિત રહેશો. આરબીઆઈ દ્વારા તમામ બેંકોને આદેશ આપવામાં આવ્યા છે કે તમામ લોકર હોલ્ડર્સે નવા એગ્રીમેન્ટ પર સાઈન કરવાનું આવશ્યક છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ઓગસ્ટ, ૨૦૨૧માં બેંકોને આદેશ આપ્યો હતો કે તેઓ તમામ બેંક લોકર હોલ્ડર્સ સાથે નવા રેન્ટલ એગ્રીમેન્ટ સાઈન કરે. આરબીઆઈ દ્વારા આ આદેશ ગ્રાહકોની ફરિયાદ ટેક્નિકલ ફેરફાર અને સુપ્રીમ કોર્ટના નિર્દેશોને ધ્યાનમાં લઈને લેવામાં આવ્યું છે, જેથી આવનારા સમયમાં લોકરની સુવિધાને વધુ પારદર્શક અને સુરક્ષિત બનાવી શકાય.




તમામ લોકલ હોલ્ડર્સે પોતાની બેંક સાથે એક નવું એગ્રીમેન્ટ સાઈન કરવું પડશે અને જૂના એગ્રીમેન્ટ માન્ય નહીં રહે. નવા એગ્રીમેન્ટ વિના લોકર હોલ્ડર્સ પોતાના એકાઉન્ટ નહીં ઓપરેટ કરી શકે. જો યુઝર્સ નક્કી કરેલાં સમય સુધી યુઝર્સ નવું એગ્રીમેન્ટ સાઈન નહીં કરે તો તમારા બેંક એકાઉન્ટ સીલ પણ થશે. જો આવું થશે તો યુઝર્સને પોતાના લોકરમાં રહેલી વસ્તુઓ કઢાવવા મૂકવા માટે ખૂબ જ મહેનત કરવી પડી શકે છે.

બેંકો આરબીઆઈ પાસે આ માટેની ડેડલાઈન લંબાવીને ડિસેમ્બર, ૨૦૨૫ કરવાની માગણી કરવામાં આવી રહી છે. બેંકોનું એવું કહેવું છે કે ઓછામાં ઓછું વધુ ચાર મહિનાનો વધારાનો સમય આપવામાં આવે.

અત્રે ઉલ્લેખનીય છે કે પહેલાં બેંકોને પહેલી જાન્યુઆરી, ૨૦૨૩ સુધી નવા એગ્રીમેન્ટ સાઈન કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો, પરંતુ બાદમાં આ ડેડલાઈનને બે વખત વધારવામાં આવી હતી. બે વખત ડેડલાઈન લંબાવવામાં આવી હોવા છતાં પણ હજી સુધી ૧૦થી ૨૦ ટકા લોકોએ નવા એગ્રીમેન્ટ સાઈન નથી કર્યા, જેને કારણે બેંકો દ્વારા સખત પગલાં લેવાની યોજના બનાવવામાં આવી રહી છે.

જો તમે પણ નવા રેન્ટલ એગ્રીમેન્ટ પર સાઈન નથી કર્યું તો સૌથી પહેલાં તમારી બેંક જઈને એગ્રીમેન્ટ પર સાઈન કરો. જે લોકોને એ ખ્યાલ નથી કે તેમણે નવા રેન્ટલ એગ્રીમેન્ટ પર સાઈન કર્યું છે કે નહીં એ જાણવા માટે પોતાની બેંકની શાખામાં જઈને માહિતી મેળવી શકે છે. બેંકની વેબસાઈટ કે મોબાઈલ એપ પર જણ એની જાણકારી લઈ શકો છો.

નવા એગ્રીમેન્ટ માટે કેવાયસી ડોક્યુમેન્ટ્સ જેવા કે આધાર, પેન, પાસપોર્ટ અને લોકર સંબંધિત જૂના દસ્તાવેજો સાથે રાખવા જોઈએ. જો તમે નોમિનેશન નથી કર્યું તો આ સમયે નોમિનીનું નામ પણ એડ કરાવી દો.

# વડનગરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી





**મુખ્ય સમાચાર, વડનગર**

વડનગરમાં ૧૧માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી છે. શર્મિષ્ઠા તળાવ પર યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે હાજરી આપી હતી.

વડનગરમાં કુલ ૧૧ અલગ-અલગ સ્થળોએ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શર્મિષ્ઠા તળાવ પર યોજાયેલા કાર્યક્રમમાં ૩૦૦૦ લોકોએ યોગાભ્યાસમાં ભાગ લીધો હતો. જ્યારે તમામ ૧૧ સ્થળો પર મળીને કુલ ૮૫૦૦ લોકોએ યોગાભ્યાસ કર્યો હતો. આ યોગાભ્યાસનો ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ૨૧૨૧ લોકોએ ભુજંગાસન કરી વર્લ્ડ રેકોર્ડ કર્યો છે. યોગમાં અત્યાર સુધીમાં ત્રીજો વર્લ્ડ રેકોર્ડ નોધાયો છે.

સી.એમએ જણાવ્યું કે, યોગથી રોગ પ્રતિકારક શક્તિ વધે છે. યોગ સંયમ અને આત્મ જાગૃતિ શીખવે છે. એ પાછલા ૧૧ વર્ષમાં લોકોના સ્વાસ્થની કાળજી લીધી, મન કી બાતમાં મેદસ્વીતા વિશે વાત કરી હતી. મુખમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, મોદીએ ૨૦૧૫થી દુનિયાના તમામ દેશોને યોગ કરતા કર્યા. એ સમજાવ્યું કે માત્ર યોગએ વ્યાયામ નહી જીવન જીવવાની કળા છે.

મુખમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, પ્રધાનમંત્રીની જન્મ ભૂમિ પરથી સૌને યોગ દિવસની શુભેચ્છા. મોદીએ યોગ સંસ્કુતિને વિશ્વમાં ઓળખ અપાવી છે.

# અમદાવાદ પ્લેન ક્રેશ બાદ મોટી કાર્યવાહી, એરઈન્ડિયાના ૩ કર્મચારીઓને તગેડી મુકયા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદમાં ૧૨ જૂને થયેલી વિમાન દુર્ઘટના બાદ દુર્ઘટનાની તપાસન કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. એવામાં ભારતની નાગરિક ઉડ્ડયન નિયામક સંસ્થાએ એર ઈન્ડિયાને કહ્યું કે, તે આ વિમાન દુર્ઘટનામાં ગંભીર સુરક્ષાના ઉલ્લંઘનના કારણે ત્રણ કર્મચારીઓને તાત્કાલિક ધોરણે બરતરફ કરે. આ આદેશ ૧૨ જૂને સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ઉડાન ભર્યાની થોડી જ મિનિટો બાદ બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર ક્રેશ થયાના થોડા દિવસો પછી આવ્યો છે, જેમાં ૨૭૦થી વધુ લોકોના મોત નિપજ્યા હતાં.

અમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ ટેકઓફ થયાના થોડા સમય બાદ બી.જે મેડિકલ કોલેજની હોસ્ટેલ બિલ્ડિંગ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં વિમાનમાં સવાર ૨૪૨ લોકોમાંથી ૨૪૧ લોકોના મોત થયા હતા અને ફક્ત એક જ વ્યક્તિ જીવિત બચ્યો હતો. આ ઉપરાંત, ઓછામાં ઓછા ૨૯ અન્ય લોકોના મોત નિપજ્યા હતા. મૃતદેહોની ઓળખ માટે ડીએનએ મેચિંગ ચાલી રહ્યું છે. અત્યાર સુધીમાં ૨૨૦ DNA સેમ્પલમાંથી ૨૦૨ મૃતદેહોની ઓળખ થઈ ગઈ છે. જેમાં ૧૬૦ ભારતીય, ૭ પોર્ટુગીઝ, ૩૪ બ્રિટિશ અને ૧ કેનેડિયનનો સમાવેશ થાય છે.




આ દુર્ઘટના બાદ હાથ ધરવામાં આવેલી સઘન તપાસ દરમિયાન, DGCAએ એર ઈન્ડિયાના ત્રણ કર્મચારીઓને તાત્કાલિક બરતરફ કરવા જણાવ્યું છે. DGCAએ સુરક્ષાના ઉલ્લંઘનોની ગંભીરતાને ધ્યાને રાખીને એર ઈન્ડિયાને આદેશ કર્યો છે કે, આ કર્મચારીઓને તાત્કાલિક ધોરણે બરતરફ કરવામાં આવે.

# પાકિસ્તાન ટ્રમ્પના પગમાં પડયુંઃ અમેરિકી પ્રમુખને નોબેલ આપવા પ્રસ્તાવ

**મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ**

પાકિસ્તાન સરકારે વર્ષ ૨૦૨૬ના શાંતિ નોબેલ પુરસ્કાર માટે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું નામ નોમિનેટ કર્યું છે. પાકિસ્તાનનું કહેવું છે કે ભારત-પાકિસ્તાન વચ્ચેના તણાવ દરમિયાન ટ્રમ્પની રાજદ્વારી પહેલ અને મધ્યસ્થીએ એક મોટું યુદ્ધ ટાળવામાં મદદ કરી હતી.



પાકિસ્તાન સરકારે પોતાના સત્તાવાર નિવેદનમાં કહ્યું કે, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નવી દિલ્હી અને ઈસ્લામાબાદ બંને સાથે વાત કરીને યુદ્ધવિરામમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આનાથી બે પરમાણુ શક્તિઓ વચ્ચે યુદ્ધની શક્યતા ટળી ગઈ.

બીજી તરફ પાકિસ્તાને પણ કાશ્મીર મુદ્દા પર ટ્રમ્પની મધ્યસ્થીની ઓફરની પ્રશંસા કરી અને કહ્યું કે, જ્યાં સુધી કાશ્મીર મુદ્દો ઉકેલાય નહીં ત્યાં સુધી આ ક્ષેત્રમાં કાયમી શાંતિ સ્થાપિત થઈ શકશે નહીં.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને નથી લાગતું કે તે નોબેલ શાંતિ પુરસ્કાર જીતી શકશે. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને લખ્યું કે, મને જણાવતા આનંદ થાય છે કે વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે મળીને, અમે ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો અને રિપબ્લિક ઓફ રવાન્ડા વચ્ચે એક સંધિ કરાવી છે.

આ આફ્રિકા માટે એક મહાન દિવસ છે અને વિશ્વ માટે પણ એક મહાન દિવસ છે. પરંતુ મને આ માટે નોબેલ શાંતિ પુરસ્કાર નહીં મળે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધને રોકવા માટે મને નોબેલ પુરસ્કાર નહીં મળે. સર્બિયા અને કોસોવો વચ્ચેના યુદ્ધને રોકવા માટે મને નોબેલ પુરસ્કાર નહીં મળે.

નોબેલ પુરસ્કાર ૨૦૨૬ માટે સત્તાવાર નોંધણી સપ્ટેમ્બરમાં શરૂ થશે. જો કે, છેલ્લી તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. ૨૦૨૫ના નોબેલ શાંતિ પુરસ્કાર માટે નામાંકન માટેની છેલ્લી તારીખ ૩૧ જાન્યુઆરી હતી. વર્ષ ૨૦૨૫ના નોબેલ શાંતિ પુરસ્કાર માટે ૩૩૮ નામાંકનો આવ્યા હતા.

જેમાંથી ૨૪૪ વ્યક્તિઓ અને ૯૪ સંસ્થાઓ હતી. ૨૦૨૩માં આ પુરસ્કાર માટે ૨૮૬ ઉમેદવારો નામાંકિત થયા હતા. ૨૦૧૬માં સૌથી વધુ ૩૭૬ નામાંકનો આવ્યા હતા.

# પાસપોર્ટ માટે અરજી કરતા પહેલા મહિલાને તેના પતિની મંજુરી લેવી જરૂરી નથીઃ મદ્રાસ હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર, ચુન્નાઈ**

મદ્રાસ હાઈકોર્ટે એક મહત્વના ચુકાદામાં કહ્યું હતું કે કોઈ મહિલાને પાસપોર્ટ માટે અરજી કરતા પહેલા પતિની મંજુરી લેવી કે તેની સહી લેવાની જરૂર નથી. જસ્ટીસ એન.આનંદ વ્યંકટેશે હાલમાં જ રેવતી નામની એક મહિલાની અરજી પર આ ફેસલો સંભળાવ્યો હતો

રેવતીએ કોર્ટમાં જણાવ્યું હતું કે, તેમના લગ્ન વર્ષ ૨૦૨૩ માં થયા હતા. હજુ પતિ સામે તલાકનો કેસ પેન્ડીંગ છે. રેવતીએ એપ્રિલમાં ક્ષેત્રીય પાસપોર્ટ કાર્યાલય (આરપીઓ)માં પાસપોર્ટ માટે અરજી કરી હતી પણ તેની પ્રક્રિયા આગળ નહોતી વધી હાઈકોર્ટે પાસપોર્ટ કાર્યાલયને આદેશ આપ્યો હતો કે મહિલાને ચાર સપ્તાહમાં પાસપોર્ટ ઈસ્યુ કરો.




રેવતીએ જણાવ્યું હતું કે, જયારે તેણે આરપીઓ-રીજયોનલ પાસપોર્ટ ઓફિસમાં સંપર્ક કર્યો હતો તો તેને જણાવાયું હતું કે ફોર્મ-જે માં પતિની સાઈન જરૂરી છે તેના વિના આવેદન નહિં સ્વીકારાય. પાસપોર્ટ કાર્યાલયે પતિ-પત્નિ વચ્ચે ચાલી રહેલા વિવાદને પણ આધાર બનાવ્યો હતો. જેનાં પર જસ્ટીસ વેંકટેશે કહ્યુ હતું કે કોર્ટનો એ સ્પષ્ટ મત છે કે, મહિલા તરફથી પાસપોર્ટ માટે આપવામાં આવેલ આવેદનનો સ્વતંત્ર રીતે નિવેડો લાવવામાં આવે.

કોઈ પત્નિએ પાસપોર્ટની અરજી માટે પતિની મંજુરી કે તેની સહી લેવાની જરૂર નથી. હાઈકોર્ટે કટાક્ષ કર્યો હતો કે આપણા સમાજમાં વિવ-ાહીત મહિલાઓને પતિની પ્રોપર્ટીની જેમ જોવામાં આવે છે. લગ્ન પછી પણ મહિલા પોતાની ઓળખ નથી ગુમાવતી.

# જામનગર જિલ્લો બન્યો યોગમય



યોગા ફોર વન અર્થ, વન હેલ્થની થીમ પર જિલ્લામાં લાખો લોકોએ યોગ કરી 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ની ઉત્સાહભેર ઉજવણી કરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર વિશ્વ યોગ દિવસ એ કોઈ તારીખ નહી પરંતુ સ્વાસ્થ્ય, શાંતિ અને એકતાનું પ્રતીક - મંત્રી મુળુભાઈ બેરા.પોલીસ પરેડ ગ્રાઉન્ડ જામનગર ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં વન અને પર્યાવરણ મંત્રીશ્રી, જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, પોલીસ અધિક્ષક સહિત બહોળી સંખ્યામાં.નગરજનોએ યોગાભ્યાસ કર્યો.

જામનગર, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ૨૦૧૪માં યુનાઈટેડ નેશન્સ દ્વારા ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કરવામાં આવ્યો છે અને ૨૦૧૫ થી આ દિવસ વિશ્વના દેશોમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવાય છે.જે અંતર્ગત આ વર્ષે ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની યોગા ફોર વન અર્થ, વન હેલ્થની થીમ પર જિલ્લાના ૧૩૯૬ સ્થળોએ ઉજવણી કરવામાં આવી હતી જેમાં અંદાજીત ચાર લાખ જેટલા નાગરીકો ઉત્સાહભેર જોડાયા હતા અને યોગ પ્રાણાયામ કર્યા હતા.આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ પ્રસંગોચિત ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે વિશ્વ યોગ દિવસ એ કોઈ તારીખ નથી પરંતુ સ્વાસ્થ્ય, શાંતિ અને એકતાનું પ્રતીક છે.આજે યોગના પ્રાચીન જ્ઞાનને સમગ્ર વિશ્વ એ સ્વીકાર્યું છે અને તેથી જ સમગ્ર વિશ્વમાં આ દિવસની ઉજવણી થઈ રહી છે.યોગ થકી સ્વસ્થ સમાજની સાથે સ્વસ્થ વિશ્વનું નિર્માણ થાય છે.યોગ ટકાઉ જીવન શૈલી અપનાવવાની પ્રેરણા આપે છે.નિયમિત યોગ દ્વારા આપણે તણાવમુક્ત રહીએ છીએ અને જીવનમાં સકારાત્મકતાનો સંચાર થાય છે તેમ જણાવી મંત્રીએ યોગ, પ્રાણાયામ અને ધ્યાનના મહત્વ વિશે વિસ્તાર પૂર્વક જણાવ્યું હતું.મંત્રીએ વધુમાં ઉમેર્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સક્રિય પ્રયાસોને કારણે આજે આપણી યોગ વિદ્યા વૈશ્વિક સીમાડાઓ વટાવી ચુકી છે.અને આજે યોગ એ જન આંદોલન બન્યું છે.યોગને માત્ર એક દિવસ માટે સીમિત ન રાખી તેને જીવનમાં નિયમિત રીતે અપનાવવા પણ મંત્રીએ અનુરોધ કર્યો હતો.ગ્રામ પંચાયત સ્તરથી લઈને મહાનગરપાલિકાના વોર્ડ કક્ષા સુધી, શાળા, કોલેજ, આઈ.ટી.આઈ., જેલ, પોલીસ, આર્મી, નેવી, એરફોર્સ, આરોગ્ય સેવા જેવા વિભાગો અને યોગ પ્રેમી નાગરિકોની ભાગીદારી સાથે આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસે સમગ્ર જામનગર જિલ્લો યોગમય બન્યો હતો. જામનગર જિલ્લા ખાતે વહીવટી તંત્ર દ્વારા તાલુકા કક્ષા, નગરપાલિકા કક્ષા તેમજ જિલ્લા કક્ષા અને મહાનગરપાલિકા કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જિલ્લા કક્ષાનો કાર્યક્રમ પોલીસ પરેડ ગ્રાઉન્ડ જામનગર તથા મહાનગરપાલિકા કક્ષાનો કાર્યક્રમ રણમલ તળાવ ગેટ નં.૦૧ ખાતે યોજાયો હતો. તેમજ ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અન્વયે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના પ્રેરક સંબોધનનું પણ સમગ્ર જિલ્લામાં જીવંત પ્રસારણ કરવામાં આવ્યુ હતુ. જિલ્લા કક્ષાના કાર્યક્રમ ખાતે મુખ્ય અતિથી તરીકે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા તથા કલેકટર કેતન ઠક્કર, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ, અધિક કલેકટર બી.એન.ખેર, અગ્રણી વિનુભાઈ ભંડેરી સહિતના અધિકારી, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને યોગાભ્યાસ કર્યો હતો.

જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ ગિરીશ સરવૈયાએ શંખનાદ કરી યોગાભ્યાસની શરૂઆત કરાવી હતી, જ્યારે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના કો-ઓર્ડીનેટર હર્ષિદા ભદ્રા તથા તેમની ટીમે ઉપસ્થિત સૌ કોઈને યોગ-પ્રાણાયામ કરાવ્યા હતા.જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી હરીદેવ ગઢવીએ કર્યું હતું.આ સાથે જ તાલુકા અને નગરપાલિકા કક્ષામાં કાલાવડ ટાઉનહોલ, ધ્રોલ જી.એમ.પટેલ કન્યા વિદ્યાલય, જામજોધપુર ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિ, જોડિયા યુ.પી.વી. કન્યા વિદ્યાલય, લાલપુર વીર સાવરકર હાઈસ્કૂલ અને સિક્કા નગરપાલિકા હાઈસ્કૂલ ખાતે પણ યોગ દિવસની તાલુકા કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી.

# નેવી મોડા ગામે પકડાયેલી નકલી ઈંગ્લીશ દારૂની ફેક્ટરી પ્રકરણમાં ૬ આરોપી જેલ હવાલે થયા

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર નેવી મોડા ગામે પકડાયેલી નકલી ઈંગ્લીશ દારૂની ફેક્ટરી પ્રકરણમાં પોલીસે આરોપીને રિમાન્ડ પર તજવીજ હાથ ધરતા કોર્ટમાં તમામ આરોપીને રજૂ કરતા કોર્ટે તેમના રિમાન્ડ નામંજૂર કરી આરોપીઓને જેલ હવાલે કરવા હુકમ કર્યો છે.નેવીમોડા ગામના હરદીપસિંહ જાડેજાની વાડીમા આવેલ રહેણાંક મકાને પોલીસે રેડ પાડી હતી. આ વેળાએ બનાવટી દારૂ બનાવવાની ફેક્ટરી ધમધમતી હોવાનો પર્દાફાશ થતાં પોલીસ પણ અચાનક થઈ ગઈ હતી. આરોપીઓ અંગ્રેજી દારૂ જેવો બનાવટી દારૂ બનાવી કંપનીના ખોટા સ્ટીકરો લગાવી દેતાં હતાં.કેમીકલના ઉપયોગ થકી બનાવટી દારૂ બનાવવાની ફેકટરીમાં વિદેશી દારૂ જેવો દારૂ બનાવી દારૂના ચપલા ૧૦૫૬ વગેરે મળી કુલ રૂ. ૭,૨૮,૪૫૦ નો મુદામાલ ઝડપાયો હતો.આરોપી હરદીપસિંહ ઉર્ફે લાલો મહાવિરસિંહ ઉર્ફ સુખદેવસિંહ ઉર્ફે સુખુભા જાડેજા, શ્રીરાજસિંહ ઉર્ફે સિધ્ધરાજસિંહ ઉપેન્દ્રસિંહ, અર્જુનસીંગ તેજસીંગ સોઢા, સુર્યપ્રતાપસીંગ ભાનુપ્રતાપસીંગ રાઠોડ, સૈતાનસીંગ ઉકારસીંગ રાઠોડ અને સાવરલાલ ઘેવરચંદ્ર મેવાળા કલાળને પકડી પાડ્યા હતા. જેને રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજૂ કરતા કોર્ટે જેલહવાલે કરવા હુકમ કર્યો છે.

# ઉનાના જાહેર બગીચા પાસે બે આંખલાઓ બાખડતા દુકાનના કાચ ફૂટ્યા




**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના શહેરમાં આવેલ શિવાજી પાર્ક પાસે અચાનક જાહેર રોડ ઉપર બે આખલાઓ વચ્ચે યુદ્ધ જામ્યો જેમાં થોડીવાર માટે તો વાહનો થંભી ગયા હતા પણ આખલાઓ છુટાના પડ્યા આજુ બાજુ દુકાનવાળાઓએ પાણીનો છટકાવ કરતા આખલાઓ એક કાપડની દુકાનમાં ઘુસિયા અને દુકાનનો કાચ તૂટ્યો ત્યારે દુકાનદારને પણ ભારે નુકસાન જ્યારે આજુ બાજુ દુકાનવાળાઓએ મહેનત કરતા આખલાઓ છૂટા પડતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો

# જામનગર પાલિકાની જનરલ બોર્ડની બેઠક પહેલાં વિરોધ પક્ષના કોર્પોરેટરનો નવતર વિરોધ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર મહાનગરપાલિકાની જનરલ બોર્ડની બેઠક મળી હતી, તે પહેલાં વોર્ડ નંબર ચારના કોંગી કોર્પોરેટર રચનાબેન નંદાણીયાએ બોર્ડની બહાર નવતર પ્રકારે વિરોધ દર્શાવ્યો હતો. તાજેતરમાં નવાગામ ઘેડમાં ટી.પી.કપાત હેઠળ સંખ્યાબંધ મકાનો તોડી પાડ્યા હોવાથી પોતે મકાનનો મુખવટો પહેરીને બોર્ડમાં આવ્યા હતા.છેલ્લી ચાર ચાર પેઢીથી જે લોકો પોતાના મકાન બનાવીને ત્યાં રહે છે, તે લોકોના મકાનો બળજબરીપૂર્વક કપાતના નામે પાડી નાખ્યા છે તેઓને નવા મકાન આપવાની માંગણી સાથે વિરોધ દર્શાવ્યો હતો.

પોતે મકાનનો મુખવટો પહેરીને આવ્યા હતા ત્યારે તેમના અન્ય એક સાથીદારને સરકારના જેસીબીનો ફોટો પહેરાવ્યો હતો, જેના ઉપર 'જેસીબી રૂપે સરકારી દાનવ' લખેલું હતું.

જ્યારે પોતે પહેરેલા મુખવટામાં 'ગરીબોનું મહેનતનું ઘર' લખાણ લખ્યું હતું. આ પ્રકારેના નવતર વિરોધને લઈને કુતુહલ પ્રસર્યું હતું. રચનાબેન નંદાણીયાએ જે લોકોના ઘર કપાતના નામે તોડી પાડવામાં આવ્યા છે, તેઓને તાત્કાલિક અસરથી નવા મકાનો આપવાની ઉગ્ર માગણી કરી છે.

# જામનગરમાં ઘોડીપાસાનો જુગાર રમતા ચાર શખ્સ ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના મોટા પીરના ચોકમાં ઘોડીપાસા વડે જુગાર રમતા ચાર શખ્સને પોલીસે દબોચી લીધા હતા. એક શખ્સ નાસી જવામાં સફળ થયો હતો.

ઓખામંડળના આરંભડામાં તીનપત્તી રમતા ત્રણ શખ્સની પોલીસે અટકાયત કરી હતી.જામનગરના મોટા પીરના ચોકમાં અકબરશા મસ્જિદ નજીક કેટલાક શખ્સો ઘોડીપાસા વડે જુગાર રમતા હોવાની બાતમી મળતા સિટી એ ડિવિઝનના પીઆઈ એન.એ. ચાવડાની સૂચનાથી સર્વેલન્સ સ્ટાફે દરોડો પાડ્યો હતો.આ સ્થળે ઘોડીના પાસા ફેંકી જુગાર રમતા ઈશાક મામદ રજબાની, કાદર મજીદ બાજરીયા ઉર્ફે છુકછુક, તાહેર સૈફુદ્દીન સોની, કાસમ અલીભાઈ કોફીવાલા ઉર્ફે ડાર્લીંગ નામના ચાર શખ્સ મળી આવ્યા હતા. જ્યારે પોલીસને જોઈને શબ્બીર મજીદ બાજરીયા નામનો શખ્સ નાસી ગયો હતો.

પોલીસે રૂા.૧૨૦૨૦ રોકડા કબજે કરી તમામ સામે જુગારધારાની કલમ ૧૨ હેઠળ કાર્યવાહી કરી છે. ઓખામંડળના આરંભડા ગામની સીમમાં ચોપગી રોડ પર ગઈકાલે બપોરે તીનપત્તી રમતા હમીર દિનેશભાઈ પરમાર, કરણ પપ્પુભાઈ જેંગોદરીયા, ગુમાનભાઈ ગુલાલભાઈ વાઘેલા નામના ત્રણ શખ્સને મીઠાપુર પોલીસે પકડી લીધા હતા.

# રાજકોટની યુવતી સહિતની ટોળકીએ વિદેશી નોકરીના બહાને યુવાનો સાથે ૭૮ લાખની કરી છેતરપિંડી

## સૌરાષ્ટ્રના અનેક યુવાનોને રાજકોટ બોલાવી યુવતીએ બેરોજગારી પાસે લખાણ કરાવ્યું તું પોલીસ ફરિયાદ

**મુખ્ય સમાચાર, પોરબંદર**

પોરબંદર તાલુકાના કુણવદર ગામના ભેજાબાજ શખ્સે યુ-ટયુબમાં નોકરી અંગે લાલચ આપતો વીંડિયો મુકી નોર્વે અને ઓસ્ટ્રિયામાં ખેતીકામ કરવાની નોકરી અપાવવાના બહાને ૨૪ નોકરી વાંચ્છુઓને શીશામાં ઉતારી ટૂકડે ટૂકડે રૂા. ૯૮ લાખ જેવી માતબર રકમ એકત્ર કરી બાદમાં વીસ લાખ પરત આપ્યા બાદ નોકરી પણ નહીં અને પૈસા પણ પરત નહી એમ કરી રૂા. ૭૮ લાખનો ધૂંબો મારી દેતા મામલો પોરબંદરના પોલીસ મથકમાં પહોંચ્યો છે. જેમાં પોરબંદરના છેતરાયેલા ડ્રાઈવર યુવાને આ શખ્સ અને રાજકોટની એક યુવતીની સામે ફરિયાદ નોંધાવી છે.

પોરબંદરના જયુબિલી વિસ્તારમાં કસ્તુરબા સ્કૂલની પાસે રહેતા ડ્રાઈવિંગનો અભ્યાસ કરતા પ્રતાપ ભીખુભાઈ ઓડેદરા નામના યુવાને કુણવદરના રામ સાજણ ગોઢાણિયા સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસને જણાવ્યા મુજબ ઉપરોકત શખ્સે રાજકોટની મીતલ વિનયકુમાર સુરજીવાલાને સાથે રાખી યુટયુબમાં વીડિયો બનાવી મૂક્યો હતો અને એમાં કહેવામાં આવ્યું હતું કે જેણે નોર્વે અને ઓસ્ટ્રિયામાં ખેતીકામમાં નોકરી કરવી હોય એ લોકો અમારો સંપર્ક સાધે હું અમે તમોને વર્ક વિઝા કરાવી આપશુ અને આ માટે જવાનું ભાડું તેમજ અન્ય ખર્ચ મળીને રૂા.દસ લાખનો ખર્ચ થશે આથી તેણે અને અન્યોએ તેનો સંપર્ક સાધ્યો હતો. આથી આ શખ્સ જે વ્યકિત એનો સંપર્ક કરે એને રાજકોટના અયોધ્યા ચોકમાં મિતલ સુરજીવાલા પાસે મોકલી જુદા જુદા લખાણ કરાવીને કટકે કટકે પૈસા વસુલતા હતા. જેમાં પહેલા દોઢ લાખ એ પછી જોબ ઓફર લેટર આવે ત્યારે અડધો લાખ, વર્ક પરમીટ આવે એટલે દોઢ લાખ, મેડિકલના પૈસા આ બધા નાણા આપ્યા બાદ નેવું દિવસમાં કન્ફર્મ થઈ જશે. આથી બધાએ જુદી જુદી રકમ આપી હતી. આ મામલે પોરબંદર પોલીસે ગુનો નોંધયો હતો.

# જૂની અદાવતમાં રિક્ષામાં તોડફોડ કરી ચાર શખ્સોની પિતા-પુત્રીને જાનથી મારી નાખવાની ધમકી

## ઉછીના રૂપિયા આપવાની ના પાડ્યાનો ખાર રાખી આધેડને બેલડીએ ધમકી આપી

મુખ્ય સમાચાર, રાજકોટ

દર્શન પાર્ક પાસે આવેલ ત્રિલોક પાર્ક આવાસ યોજનાના ક્વાટરમાં જૂની અદાવતનો ખાર રાખી ચાર શખ્સોએ રિક્ષામાં તોડફોડ કરી યુવકને ફોન કરી પિતા-પુત્રીને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું પોલીસ દફતરે ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં સાધુ વાસવાણી રોડ ઉપર દર્શન પાર્ક પાસે ત્રિલોકપાર્ક આવાસ યોજનાના ક્વાટરમાં રહેતા

નરેન્દ્રભાઈ મહેશભાઈ મકવાણા ઉ.વ. ૩૮ એ યુનિવર્સિટી પોલીસ મથકમાં કિશન ઉર્ફે ગાંડો ધીરુભાઈ સગર, બાદલ દેવીપૂજક, કૃપાલ ઉર્ફે હેંગી ફાંગલિયા અને તેના ભાઈ બાઠિયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ કિશન ઉર્ફે ગાંડો સગર અને બાદલ દેવીપૂજક અગાઉ નરેન્દ્ર મકવાણાની રિક્ષા ડાયરેક્ટ કરી લઈ ગયા હતાં. જે જોઈ જતાં પોલીસ ફરિયાદનું કહેતા રિક્ષા પાછી મુકી ગયા હતા જેનો ખાર રાખી કિશન ઉર્ફે ગાંડો અને બાદલ દેવીપૂજકે નરેન્દ્રભાઈ મકવાણાના ઘર પાસે બિભસ્ત

ગાળો બોલતા હતાં. જેથી ગાળો દેવાની ના પાડતા કિશન ઉર્ફે ગાંડા સગડે રિક્ષાનો કાંચ તોડી નાખ્યો હતો. અને બાઈક લઈને નાશી છૂટયા હતાં. બાદમાં કૃપાલ ઉર્ફે હેંગી ફાંગલિયા અને તૈનો ભાઈ બાઈક લઈને ધસી આવ્યા હતાં અને ઘરની બહાર નિકળવાનું કહી બન્ને બિભસ્ત ગાળો ભાંડી હતી. બાદમાં નરેન્દ્રભાઈ મકવાણાને ફોન કરી કિશન બોલે છે તેવુ કહી મારા વિરુદ્ધ અગાઉ પોલીસ ફરિયાદ કરેલ છે તારા ટાંટિયા ભાંગી નાખીશ તારી દિકરી જે સ્કૂલમાં ભણે છે તેને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપ્યાનું જણાવ્યું હતું.

બીજા બનાવમાં રૈયા રોડ ઉપર રહેતા બિરેન પ્રબોધભાઈ શાહે મેઘ ઉર્ફે મેઘા રાજનભાઈ જોલાપરા અને રાજનભાઈ જોલાપરા વિરુદ્ધ યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે અને જણાવ્યું હતું કે, બન્ને શખ્સોએ ઉછીના રૂપિયા માગ્યા હતા પરંતુ તે નહીં આપ્યાનો ખાર રાખી બિરેનભાઈ શાહ સાધુવાસવાણી રોડ ઉપર પોતાની કાર લલઈને ઉભા હતા ત્યારે મેઘલ ઉર્ફે મેઘા જોલાપરા ધસી આવ્યો હતો અને કારનો દરવાજો ખોલી હું મારા સસરાના સોગન ખાઈને કઉ છું કે તારી ઉપર વેર વાળીશ બદલો લઈશ આ તો હું સાધુવાસવાણી રોડ ઉપર ઘણુ માણસ છે એટલે નહીં તો ખાલી રોડ હોત તો તને અહીં જ પુરો કરી નાખથ તેવી ધમકી આપી હોવાનું જણાવ્યું હતું. ઉપરોક્ત બન્ને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રેલનગરમાં આર્થિક ભીંસથી કંટાળી યુવકનો આપઘાતનો પ્રયાસ

## વૈશાલીનગરના યુવાને ફિનાઈલ પી લેતા સારવારમાં ખસેડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરમાં આવેલ રેલનગર વિસ્તારમાં આવેલા શિવાલય ચોકમાં રહેતા યુવાને આર્થિકભીંસથી કંટાળી ફિનાઈલ પી લીધું હતું. યુવકને ઝેરી અસર થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રેલનગર વિસ્તારમાં આવેલ શિવાલય ચોકની બાજુમાં રહેતા દર્શન કિર્તિભાઈ ચંદારાણા નામનો ૨૪ વર્ષનો યુવાન બપોરના સાડાબારેક વાગ્યાના અરસામાં શિવાલય ચોકમાં હતો ત્યારે આર્થિકભીંસથી કંટાળી ફિનાઈલ પી લીધું હતું. યુવકની તબીયત લથડતાસારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ ઉપરાંત બીજા બનાવમાં વૈશાલીનગરમાં રહેતો વિશાલ અર્જુનભાઈ પરમાર નામનો ૨૦ વર્ષનો યુવાન રાત્રીના સાડા અગિયારેક વાગ્યાના અરસામાં કિશાનપરા વિસ્તારમાં આવેલ શક્તિ કોલોનીમાં હતો ત્યારે કોઈ અગમ્ય કારણસર ફિનાઈલ પી લીધું હતું. યુવકની તબીયત લથડતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. ઉપરોક્ત બન્ને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદ પ્લેન ક્રેશની દુર્ઘટના વધુ બે મૃતદેહોના ડીએનએ સેમ્પલ મેચ થતાં પરિવારને બોડી સોપાઇ



બન્નેના પાર્થિવ શરીર સાથે મળે તો, એક સાથે અંતિમ વિધિ થઈ શકે, તે હેતુથી રાહ જોયેલ પરંતુ થાકીને બનેવીના અંતિમ સંસ્કાર કરી





**મુખ્ય સમાચાર, અમદાવાદ**

તાજેતરમાં પ્લેન ક્રેશ થવાની ઘટનામાં મરણ જનારના ડીએનએ સેમ્પલ મેચ થતા, પાર્થિવ શરીર પરિવારજનોને સોંપવાની કાર્યવાહી ચાલુ છે. હાલમાં સિવિલ હોસ્પિટલ ખાતે પોલીસ, મ્યુનિ. કોર્પો., વહીવટી તંત્ર, સહિતનો સ્ટાફ ખડેપગે ફરજ બજાવી રહ્યો છે. અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર જ્ઞાનેન્દ્ર સિંહ મલિક, જેસીપી સેક્ટર ૦૨ જયપાલ સિંહ રાઠોડ તથા ડીસીપી ઝોન ૦૬ રવિ મોહન સૈની દ્વારા બંદોબસ્તમાં રહેલ અમદાવાદ શહેર પોલીસને આ ઘટનામાં ભોગ બનનાર વ્યક્તિઓના સગા સંબંધીઓ સાથે સોહાર્દપૂર્ણ વ્યવહાર કરવા તથા મદદરૂપ થવા સૂચનાઓ કરવામાં આવેલ છે..

આ ઘટનામાં ઘણા ફેમિલીના બે અથવા વધારે સભ્યોના મૃત્યુ થયેલા હોય, તેઓના ડીએનએ વારા ફરતી આવતા હોય, સગા સંબંધીઓને અંતિમ વિધિ એક કરતા વધારે વખત કરવાની પરિસ્થિતિ ઉપસ્થિત થાય, ત્યારે સગાંસંબંધીઓ વિસામણમાં પડી જાય છે. સુરત જિલ્લાના કામરેજ, ઊંભેલ ખાતે રહેતા રીંકેશ પટેલ અને કેનીલ પટેલના બહેન વિભૂતિબેન અતુલકુમાર પટેલ ઉવ. ૨૫ અને બનેવી હાર્દિક દેવરાજભાઈ અવૈયા પટેલ ઉવ. ૨૭ રહે. ગઢપુર ટાઉનશિપ, કઠોદરા, સુરતનું પણ એર ઈન્ડિયાની ફલાઇટમાં સફર કરતા, અકસ્માતમાં મરણ ગયેલ હોય, તેઓ પૈકી પહેલા હાર્દિક દેવરાજભાઈ અવૈયા પટેલના ડીએનએ મેચ થતા, તેઓના ભાઈ રાજેશભાઈ દેવરાજભાઈ અવૈયાને પાર્થિવ શરીર સોંપવા જણાવવામાં આવેલ. પરંતુ, એક જ કુટુંબમાં બે મરણ થયેલ હોય, અલગ અલગ વિધિ કરવાની જગ્યા બન્નેના પાર્થિવ શરીર સાથે મળે તો, એક સાથે અંતિમ વિધિ થઈ શકે, તે હેતુથી રાહ જોયેલ પરંતુ થાકીને બનેવીના અંતિમ સંસ્કાર કરી, બહેનની ડેડબોડી માટે અલગ અલગ જગ્યાએ રજૂઆત કરતા કોઈ ધ્યાન દેતા નહીં હોવાની રજૂઆત અને ચિંતા સાથે થાકી ગયા હોવાની લાગણી સાથે વિભૂતિબેનના ભાઈ કેનિલ પટેલ અને રીંકેશ પટેલ ચિંતાતુર અને ખિન્ન હૃદયે બંદોબસ્તમાં રહેલ ડીસીપી પ્રદીપસિંહ જાડેજાને મળતા, ડીસીપી જાડેજા, એસીપી કૃણાલ દેસાઈ તથા શાહીબાગ પીઆઇ જે.ડી.ઝાલા, તપાસ કરનાર નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. પી.વી. ગોહિલ, પીએસઆઈ ભરતસિંહ રાઠોડ તથા સ્ટાફ દ્વારા પરિવારજનોને સાંત્વના આપી, એફએસએલ ડીએનએ રિપોર્ટ આવતા વાર લાગતી હોય, જે ટેકનિકલ બાબત હોય, જ્યારે ડીએનએ મેચ થઈને આવશે, ત્યારે તરત જ પરિવારજનોને જાણ કરવામાં આવશે અને ડેડબોડી સોંપવાની વ્યવસ્થા કરવા પ્રયત્નો કરવા સમજણ આપતા અને ડીએનએ રિપોર્ટ મેચ થઈ આવી જતા, તેઓને જાણ કરી, બેનના પાર્થિવ શરીર મળે, તે માટે પોલીસ દ્વારા હેલ્થ ડિપાર્ટમેન્ટ સાથે સંકલન કરી, ડેડબોડી સોંપવા વ્યવસ્થા કરી આપતા, બેનના પાર્થિવ શરીર અમદાવાદ શહેર પોલીસ તથા વહીવટી તંત્રની સંકલિત કામગીરીના કારણે મળતા, મરણ જનાર વિભૂતિબેન પટેલના પરિવારજનો દ્વારા કપરી પરિસ્થિતિમાં અમદાવાદ શહેર પોલીસની સંવેદનશીલ કામગીરીના ભરપૂર વખાણ કરી, ભાવ વિભોર થયેલ અને અમદાવાદ શહેર પોલીસનો આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો. અમદાવાદ સિવિલ હોસ્પિટલના પીએમ રૂમ ખાતે ભાવ વાહી દ્રશ્યો સર્જાયા હતા. અંતિમ વિધિ પત્યા બાદ પણ વિભૂતિબેન પટેલના ભાઈ દ્વારા ડીસીપી પ્રદીપસિંહ જાડેજાને ટેલિફોન કરીને પોતાના બહેનની અંતિમ વિધિ પૂરી થઈ ગયા હોવાની જાણ કરેલ અને પોલીસ આવી પણ હોય છે, એનો એહસાસ થયો હતો તેમજ ફરીથી આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો...

આમ, અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર જ્ઞાનેન્દ્ર સિંહ મલિક, જેસીપી સેક્ટર ૦૨ જયપાલ સિંહ રાઠોડ, ડીસીપી ઝોન ૦૬ રવિ મોહન સૈની ના માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર પોલીસ દ્વારા સેવા સાથે સુરક્ષાનું ઉત્તરદાયિત્વ નિભાવી પોલીસ પ્રજાનો મિત્ર છે એ સૂત્રને સાર્થક કરવામાં આવેલ છે.

# વહીવટીતંત્રએ મૃતક નરશીભાઈના પુત્ર તથા અમદાવાદના વહીવટી તંત્ર સાથે સતત સંપર્કમાં રહી અંતિમક્રિયાની વ્યવસ્થા સુધી સહયોગ કર્યો

## તંત્ર દ્વારા અપાઈ સન્માનભેર અંતિમ વિદાય પાર્થિવ દેહ વતન પહોંચાડાયો અને અધિકારીઓની હાજરીમાં અંત્યેષ્ટિ કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તારીખ ૧૨ જૂનના રોજ અમદાવાદથી લંડન જતા એર ઈન્ડિયાના વિમાનની દુર્ઘટના બાદ, રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ સંવેદનશીલ અભિગમસહ વહીવટીતંત્ર દ્વારા અત્યંત ત્વરાથી સમગ્ર કામગીરી માનવીય અભિગમ સાથે સંપન્ન કરવામાં આવી રહી છે. વહીવટી તંત્ર દ્વારા આ પીડાદાયક ઘટનાથી અસર પામેલા દરેક પરિવારને તમામ પ્રકારનો સહયોગ મળી રહે તેવો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આ દુર્ઘટનામાં રાજકોટ જિલ્લાના ૩ નાગરિકો અવસાન પામ્યાં છે. જેમાં સ્વ. નરશીભાઈ રાઘવભાઈ સગપરીયાના પત્ની શ્રી શીતલબેન સગપરીયાએ તંત્રના સંવેદનાસભર સહકાર બદલ આભારની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, દુર્ઘટનાના માત્ર થોડા કલાકમાં અમદાવાદ પહોંચેલ તેમના પુત્ર સાથે જિલ્લાની ટીમે તુરંત સંપર્ક કર્યો હતો. વહીવટી તંત્ર તેમના પુત્ર નીલભાઈ સાથે સતત સંકલનમાં રહ્યું હતું.

પરિવાર દ્વારા તંત્ર સમક્ષ મૃતદેહની અંતિમક્રિયા તેમના વતન રાજકોટ ખાતે કરવાની ઈચ્છા વ્યક્ત કરવામાં આવી હતી. આ વિનંતીને માન આપીને, રાજકોટ અને અમદાવાદ વહીવટીતંત્રએ સંકલન કરી પાર્થિવ દેહને લાવવા માટે સંયુક્ત રીતે વ્યવસ્થા ગોઠવી હતી. જેમાં રાજકોટ અને અમદાવાદ તંત્રના ૨-૨ અધિકારીઓએ એમ્બ્યુલન્સની સાથે રહી પોલીસ એસ્કોર્ટિંગ સાથે પાર્થિવ દેહને અમદાવાદથી રાજકોટ જિલ્લામાં લઈ જવાની કાર્યવાહી કરવામાં આવી હતી. સિવિલ હોસ્પિટલ, અમદાવાદથી રાજકોટ તેમના નિવાસ સ્થાન સુધી અધિકારીઓએ સહકાર આપ્યો હતો.

વહીવટીતંત્ર દ્વારા સ્વ.નરશીભાઈનો નશ્વર દેહ વતન પહોંચ્યા બાદ, સ્થાનિક સ્તરે શબવાહિનીની વ્યવસ્થા કરવામાં આવી હતી. અંતિમક્રિયા સમયે પણ મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી અને પી.આઈ. જેવા ઉચ્ચ અધિકારીઓ અંતિમક્રિયામાં જોડાયા હતા સાથે જ અધિકારીએ રૂબરૂ જઈને પણ સાંત્વના પાઠવી હતી.

આમ, આ દુર્ઘટનાના અતિ મુશ્કેલ સમયે રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટીતંત્રની કામગીરીને પરિજનોએ સરાહના કરી હતી.

# રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન માં આજે ૧૧મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉત્સાહપૂર્વક મનાવવામાં આવ્યો. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ - ૨૦૨૫ની થીમ છે ''એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ (Yoga for One Earth, One Health)''. ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા પ્રાપ્ત દિશા નિર્દેશો અનુસાર રાજકોટમાં કોઠી કમ્પાઉન્ડ સ્થિત રેલવે ક્રિકેટ ગ્રાઉન્ડમાં સવારે ૦૬.૩૦ વાગ્યાથી લઈને ૦૭.૪૫ વાગ્યા સુધી યોગ સત્રનું આયોજન કરવામાં આવ્યું. પતંજલિ યોગ સમિતિ-રાજકોટના યોગ પ્રશિક્ષકો શ્રી ગોપાલ શર્મા, શ્રી કિશોર રાઠોડ તથા તેમની ટીમનાં માર્ગદર્શન હેઠળ રેલ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનોને કોમન યોગા પ્રોટોકોલના અંતર્ગત આસન, પ્રાણાયામ તથા ધ્યાન સંબંધિત વિભિન્ન અભ્યાસોનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું. આ અવસર પર રાજકોટ મંડળ રેલ પ્રબંધક અશ્વની કુમારે પોતાના સંબોધનમાં કહ્યું કે ''યોગ, પ્રાણાયામ અને ધ્યાનને પોતાના દૈનિક જીવનમાં અપનાવવા જોઈએ એટલું જ નહીં, પોતાના સ્વજનોને પણ આ માટે પ્રેરિત કરવા જોઈએ જેથી બધા લોકો શારીરિક તથા માનસિક રીતે સ્વસ્થ રહી શકે.'' યોગ અભ્યાસના આ કાર્યક્રમમાં રાજકોટ મંડળના અપર મંડળ રેલ પ્રબંધક કૌશલ કુમાર ચૌબે, વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી અમૃત સોલંકી, સહાયક કાર્મિક અધિકારી કે. કે. દવે, વિભિન્ન વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ, રેલવે સુરક્ષા બળ, સ્કાઉટ, સીઆઈએસએફ રાજકોટની ટીમ તથા મોટી સંખ્યામાં રેલ કર્મચારી ઉપસ્થિત હતા. કાર્યક્રમનું સંચાલન મુખ્ય કલ્યાણ નિરીક્ષક શ્રી શૈલેષ મકવાણા દ્વારા કરવામાં આવ્યું. અંતમાં રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

# રાજકોટ મધ્યસ્થ જેલમાં ૧૧માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ




તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્યની જેલોના વડા ડૉ.કે.એલ.એન.રાવ ના માર્ગદર્શન તેમજ આદેશોનુસાર આજ તા.૨૧/૦૬/૨૦૨૫ના રોજ ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના કાર્યક્રમ નિમિત્તે અત્રેની રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે પતંજલિ યોગ બોર્ડ સંસ્થા રાજકોટના સહયોગથી યોગ ટ્રેનર કિશોરભાઇ આર. રાઠોડ, સંજયસિંહ જાડેજા અને કમલેશભાઈ શર્મા હાજર રહી અત્રેની જેલના અધિકારી/કર્મચારીઓ તથા બદીવાનોને જુદા જુદા યોગાસનો કરાવવામાં આવેલ હતા. આ કાર્યક્રમમાં જેલના અધિકારી/ કર્મચારીઓ તથા પુરૂષ તેમજ મહિલા બદીવાનોએ બહોળી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. કાર્યક્રમના અંતમાં પતંજલિ યોગ બોર્ડ સસ્થા રાજકોટના સભ્યોને જેલના અધિકારીઓ દ્વારા પ્રશંશાપત્ર એનાયત કરી આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો તેમજ રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવેલ હતી.

# કલેક્ટર પ્રભવ જોશીના હસ્તે જિલ્લાની વિકાસ વાટિકાનું વિમોચન કરાયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જિલ્લા સમાહર્તા પ્રભવ જોશીના હસ્તે જિલ્લાની એક વર્ષની વિકાસ ગાથાઓને દર્શાવતી જિલ્લા વિકાસ વાટિકા પુસ્તિકાનું વિમોચન આજે કરવામાં આવ્યું હતું. આ પુસ્તિકામાં રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૨૪ દરમિયાનમાં વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલા વિકાસના વિવિધ આયામોને દર્શાવવામાં આવ્યા છે.

આ વિકાસ વાટિકાનું નિર્માણ પ્રાદેશિક માહિતી કચેરી રાજકોટના સંયુક્ત માહિતી નિયામક મિતેશ મોડાસીયાના માર્ગદર્શન હેઠળ પ્રાદેશિક માહિતી કચેરીના કર્મચારીઓની જહેમતથી કરવામાં આવ્યું છે.

આ વિમોચન પ્રસંગે અધિક નિવાસી કલેકટર એ.કે.ગૌતમ, નાયબ માહિતી નિયામક પ્રશાંત ત્રિવેદી, સહાયક માહિતી નિયામક સર્વઓ સોનલબેન જોષીપુરા, પ્રિયંકાબેન પરમાર, રાધિકાબેન વ્યાસ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગેરકાયદેસર રીતે જપ્ત કરેલ ૨૦૦ ગ્રામ સોનું પરત અપાવવા સોની બજારના વેપારીએ પોલીસ કમિશનરને આપ્યું આવેદન



તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોની બજારમાં લક્ષ્મી એન્ટરપ્રાઇઝ નામથી પેઢી ચલાવતા વિજય નથુરાવ માનેએ આજે પોલીસ કમિશનરને આવેદન આપી જણાવ્યું છે કે, તેઓ સોના-ચાંદીનો વેપાર કરે છે. થોડા સમય પહેલા સોની બજારમાં વેપાર કરતા હુસેનભાઇ સુલેમાનભાઇ જરીવાલાએ અન્ય એક વેપારી યુસુફભાઇ કપાસી સાથે સોનાની લેવડદેવડ કરી હતી. ત્યાર બાદ રૂપિયા ન ચુકવી ૨૦૦ ગ્રામ સોનું યુસુફભાઇ લઇ ફરાર થઇ જતા હુસેનભાઇએ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરી હતી. બાદમાં યુસુફભાઇ મળી આવતા ગત તા.૨૭ એપ્રિલમાં એ ડિવિઝનમાં ગુન્હો દાખલ થયો હતો. પોલીસ તપાસ દરમ્યાન યુસુફભાઇ કપાસીએ આ ગુન્હામાં અમારી સંડોવણી છે. એવું જણાવ્યું હતું. હકિકતે અમો અરજદાર યુસુફભાઇ કપાસીને કયારેય મળેલ નથી. જેને કારણે પોલીસ દ્વારા તપાસનીસ અધિકારી અમારા બિલનું ૨૦૦ ગ્રામ સોનું લઇ ગયેલ. વધુમાં કાનુની સલાહ મળ્યા બાદ અમોએ જામીન અરજી કરેલ. જેને લઇ નામદાર કોર્ટે સરતોને આધિન જામીન આપવાનો હુકમ કર્યો હતો. બાદમાં જે સોનું તપાસ અધિકારી અમારી પાસે લઇ ગયા છે તેઓએ એવું જણાવેલ કે જો તમે પહેલા આ બાબતે સેટીંગ કર્યુ હોત તો તમને સોનું આપી દેત પરંતુ હવે કોર્ટમાંથી છોડાવી લેજો આમ બિલ હોવા છતાં ગેરકાયદેસર રીતે અમારૂ સોનું જપ્ત કરી ગંભીર ગુન્હો આચરેલ છે તો આ બાબતે ઘટતું કરવા અરજદાર વિજય માને પોલીસ કમિશનરને અપીલ કરેલ છે.

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજકોટમાં ગરમીપૂર્ણ ઉજવણી






તસવીર : આનંદ જાવીયા







જીજાબાઈ મહિલા સ્નાનાગાર ખાતે મહિલાઓ દ્વારા એકવા યોગા કરવામાં આવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ''એ વર્ષ ૨૦૧૫થી દર વર્ષે ૨૧ જૂનના રોજ સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. વર્ષ ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં યોગ દિવસની વિધિવત જાહેરાત થયા પછી વર્ષ ૨૦૧૫થી આ દિવસની ઉજવણી શરૂ કરવામાં આવી હતી. યોગ એક શારીરિક,માનસિક અને આધ્યાત્મિક અભ્યાસ છે, જેની શરૂઆત પ્રાચીન ભારતમાં થઈ હતી. ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્રના સંબોધનમાં ૨૧ જૂનની તારીખ સૂચવી હતી,કારણ કે તે ઉત્તર ગોળાર્ધમાં વર્ષનો સૌથી લાંબો દિવસ છે અને વિશ્વના ઘણા ભાગોમાં તેનું વિશેષ મહત્વ છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૨૧-મી જૂન ''૧૧ મા આંતરાષ્ટ્રીય યોગ દિવસ''ની ઉજવણી અંતર્ગત શહેરમાં જુદા જુદા પાંચ સ્થળોએ શહેરીજનો માટે યોગાભ્યાસ માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મુખ્ય પાંચ સ્થળ ઉપરાંત શહેરના વિવિધ બગીચાઓ, સરકારી અને ખાનગી શાળા - કોલેજો, સ્વૈચ્છિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, વિવિધ સરકારી કચેરીઓ, રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટની ઓફિસ ખાતે આશરે ૧ લાખ જેટલા નાગરિકો યોગમાં જોડાયા હતા.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ઝોનના ૬ વોર્ડના નાગરિકો માટે યોગાભ્યાસ માટે શ્રી માધવરાય સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ, રેસકોર્ષ સંકુલ, રેસકોર્ષ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ સંસ્થા દ્વારા ઉપસ્થિત નાગરિકોને યોગાભ્યાસ કરાવવામાં આવેલ. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત પ્રવચન સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકર દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદબોધન શહેર ભાજપ પ્રમુખશ્રી ડૉ. માધવભાઈ દવે દ્વારા કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ ડૉ.માધવ દવે, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, આરોગ્ય સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ વાઈસ ચેરમેન પ્રવિણભાઈ નિમાવત, આર.સી.એમ. મહેશ જાની, સનદી અધિકારી કાંબલે વૃશાલી, કોર્પોરેટરો, નાયબ મ્યુનિસિપલ કમિશનર એચ.આર. પટેલ સહિતના જોડાયા હતા.

બીજી તરફ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મહિલાઓ દ્વારા એકવા યોગા માટે શ્રી જીજાબાઈ મહિલા સ્નાનાગાર, સાધુ વાસવાણી રોડ, રાજકોટખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.જેમાં રાજકોટ મહાનગરપાલિકા તથા યોગ કોચ દ્વારા ઉપસ્થિત બહેનોને સ્નાનાગારમાં યોગાભ્યાસ કરાવવામાં આવેલ. પ્રોગ્રામ ઓફિસર શારદાબેન દેસાઈ દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવેલ.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જીવન કોમર્શિયલ બેન્કના રિકવરી ઓફિસરે ૧.30 કરોડની લોન રિકવરી માટે ફોન કરતાં ધમકી આપી

## હું ડીવાયએસપીનો પુત્ર છું, મને ફોન કેમ કરશ, જાનથી મારી નાખીશ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જીવન કોમર્શિયલ બેન્કના રિકવરી ઓફિસર આબીદભાઈ નુરૂદ્દીનભાઈ ભારમલને વાંકાનેરના અરણીટીંબા ગામે રહેતા પ્રદીપસિંહ તખ્તસિંહ ઝાલા નામના શખસે હું ડીવાયએસપીનો પુત્ર છું, મને ફોન કેમ કરે છે ? જાનથી મારી નાખીશ કહી ધમકી આપ્યાનો બનાવ એ-ડિવિઝન પોલીસ મથકે નોંધાયો છે.

આ અંગે ની વિગતો મુજબ દિવાનપરા-૬માં રહેતા આબીદભાઈ ૨૪ વર્ષથી બેન્કમાં ફરજ બજાવે છે. બેન્ક દ્વારા ૨૦૧૨માં પ્રજાપત કંપનીને ૧.૩૮ કરોડની સીસીલોન અપાઈ હતી. લોન ભરપાઈ માટે પ્રજાપત કંપનીના ભાગીદાર દ્વારા ૬૫,૬૫ લાખના બે ચેક અપાયા હતા જે ચેક બાઉન્સ થયા હતા.

ચેક રિટર્ન થતાં વાંકાનેર પ્રજાપત કંપનીએ જઈને તપાસ કરતાં ત્યાં કોઈ હાજર ન હતું. લોન સમયે ત્રાજપર મોરબી ખાતેનું મકાન જામીનગીરીમાં આપવામાં આવ્યું હતું. જ્યાં તપાસ કરતાં બેન્ક મોર્ગેજનું મકાન તોડી પાડેલું હતું. પ્રજાપત કંપનીના સંચાલક, ભાગીદારના સંપર્ક ન થતાં રિકવરી ઓફિસર ભારમલ દ્વારા જામીન પ્રદીપસિંહ તખ્તસિંહ ઝાલા ઉર્ફે પી.ટી. ઝાલાનો ફોનથી સંપર્ક કરાયો હતો.

પ્રદીપસિંહે પોતે આવી કો, જામીનગીરીમાં સહી કર્યાનો ઈનકાર કર્યો હતો જેથી પુરાવા હોવાનું અને કહો તો વોટ્સએપમાં મોકલી આપીએ તેવું કહેતા પ્રદીપસિંહ ઉશ્કેરાઈ ગયા હતા અને હું વાંકાનેરના અરણીટીંબા રહું છું, તું તું અહીં આવી જા ત્યારબાદ તુંકારેથી કહ્યું કે તું અહીં આવ એટલે ઉંધો ટીંગાળવો છે, અમારો રિવાજ છે કે અહીં આવે તેને ટીંગાડવો અને ઉપાડી લેવો.

ફરી પાછો ફોન આવ્યો કે તું અત્યારે ક્યા છો, તારૂ સરનામું શું છે ? જેથી બેન્ક ઓફિસર ભારમલે બેન્કે મળી જવા જણાવ્યું હતું. ફરી ત્રીજી વખત પ્રદીપસિંહે ફોન કર્યો હતો અને ધમકી આપી કે તારે રેકોર્ડિંગ કરવું હોય તો કરી લે તને કેસરીસિંહ જાહેજા ઉર્ફે કેશુ (કે જે પ્રજાપત કંપનીના સંચાલક અને આરોપી પ્રદીપસિંહના સાળા છે) તે તને અરણીટીંબા ઢસડીને મારી પાસે લઈ આવશે.

તારે કેટલા રૂપિયા જોઈએ છે લાખ-બે લાખ જોઈએ છે ? બેન્ક ઓફિસરે પ્રજાપત કંપનીના ખાતામાં ભરવા કહ્યું હતું. પ્રદીપસિંહ દ્વારા ફોન કરીને ધમકી અપાતી હોવાથી આબીદભાઈએ હવે પોતે કંટાળીને પોલીસ કમિશનરને ફરિયાદ નોંધાવશે કહેતા પ્રદીપસિંહે કહ્યું કે કમિશનર મારા પિતા ડીવાયએસપી તખુભા રાણાને ઓળખે છે કહી ફોનમાં ગાળો આપી ખૂનની ધમકી આપી હતી. ઉપરોક્ત આરોપો સાથે ફરિયાદ નોંધાવાતા -એ-ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી છે.

# આઈ-વે પ્રોજેકટના કેમેરાની બેટરી ચોરતા ત્રણ શખ્સ ઝડપાયા

## રિક્ષામાં આવી અડધી રાત્રે યુનિટના તાળા તોડી ચોરી કરતા, ૧.૯૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં નાગરીકોની સુરક્ષા માટે લગાવવામાં આવેલ આઈવે પ્રોજેક્ટ હેઠળના સીસીટીવી કેમેરાની બેટરી ચોરીના કૌભાંડનો પર્દાફાશ થયો હતો અને પોલીસે એક સગીર સહિત ત્રણ શખ્સોને ચોરાઉ ૨૯ બેટરી સહિત રૂ.૧.૯૫ લાખના મુદ્દામાલ સાથે પકડી પાડયા હતાં.

બનાવ અંગે ૧૫૦ ફૂટ રીંગરોડ પર પુનિત નગરમાં રહેતાં મનીષભાઈ રમેશભાઈ કોરાટ (ઉ.વ.૩૧) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ રાજકોટ મહાનગર પાલીકાના તાબા હેઠળ નાના મવા સી.સી.ટી.વી. કંટ્રોલ રૂમમાં પ્રોજેક્ટર મેનેજર તરીકે છેલ્લા એકાદ વર્ષથી નોકરી કરે છે. રાજકોટ મહાનગર પાલીકાની સબ સિડરી સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ તથા શહેર પોલીસ દ્વારા સંયુક્ત રીતે અમલીકરણ થયેલ આઈ-વે પ્રોજેક્ટ અંતર્ગત શહેરમાં વિવિધ જગ્યાએ કેમેરા લગાવવામાં આવેલ છે, તેને લગત જરૂરી ઈકિવપમેન્ટ જેવા કે કેબલ, બેટરી સહિતની વસ્તુ આઉટ ડોર કેબીનેટ યુનીટમાં રાખવામાં આવે છે. સવારે દસેક વાગ્યે તેઓ



નોકરી ઉપર આવેલ અને કંટ્રોલ રૂમમાં કેમેરા ચેક કરતો હતો. ત્યારે ત્યારે જોયુ તો જયુબેલી ચોકના કેમેરા બંધ હાલતમાં હતા. જેથી જયુબેલી ચોકમાં આવેલ કબ્રસ્તાનના ખુણા પાસે સી.સી.ટી.વી. કેમરાનું સેટ અપ બોક્ષ આઉટ ડોર કેબીનેટ યુનીટમાં જોતા તેમા કુલ -૦૩ બેટરી હતી, તે જોવા મળેલ નહીં. તેને તુરંત આસી. મ્યુનીસિપલ કમીશનરને વાત કરેલી હતી અને રૂ.૧૩૫૦૦ ની બેટરી ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

ઝોન-૨ ની ટીમ ચોરીના બનાવ સ્થળ વિસ્તારના સી.સી.ટી.વી. ફુટેજ, ખાનગી બાતમીદારો તથા ટેકનિકલ સોર્સના માધ્યમથી ચોરીના ગુન્હાઓ ડીટેકટ કરવા તેમજ નાસતાર ફરતા આરોપીઓને પકડવવા માટે તપાસમાં હતાં ત્યારે પીએસઆઈ આર.આર.કોઠીયા સહિતની ટીમને મળેલ ચોક્કસ બાતમીના આધારે શાસ્ત્રી મેદાન લીમડા ચોકના ગેઈટ પાસે એક સીએનજી રીક્ષા નં. જી.જે. ૦૩. ડબલ્યુ ૨૭૬૭માં બેસેલા બે શખ્સોને ચોરાઉ બેટરી સાથે પકડી પાડી આરોપીનું નામ પૂછતાં સુરેશ લાલુ ચારોલીયા (ઉ.વ.૩૪, રહે. મહિલા કોલેજ અન્ડરબ્રીજની ઉપર રેલ્વે પાટા પાસે ઝુપડામાં રાજકોટ) અને ધીરૂ જીલુ વાજેલીયા (ઉ.વ.૩૦, રહે. હુડકો ચોકડી પાસે નાલા પાસે ઝુપડામાં રાજકોટ) તેમજ સગીર હોવાનું જણાવ્યું હતું. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે આરોપીઓ મૂડી રાત્રિના સીએનજી રીક્ષા લઈને શહેર પર નીકળતા અને સીસીટીવી કે મેરાના આઉટડોર યુનિટના તાળા તોડી તેમાં રહેલ બેટરી ચોરી કરવાની મોડલ સોફ્ટવેર ધરાવતા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ચોરાઉ કુલ ૨૯ બેટરી સહિત કુલ રૂ.૧.૯૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

એસ્ટ્રોન ચોક ઓડીસી-૨ માંથી -૩, એસ્ટ્રોન ચોક ગાર્ડનમાંથી -૦૩, એન.સી.સી. ચોકમાંથી -૦૩, રેસકોર્ષ ટેનીસ કોર્ટમાંથી-૦૩, જયુબેલી ચોક ઓડીસી-૨ માંથી -૦૩, સોરઠીયા વાડી ગાર્ડન ઓડીસી-૨ માંથી - ૦૩, પારૂલ ગાર્ડનમાંથી- ૦૩, હિંગળાજ ચોકમાંથી ૦૩, કાંતાસ્ત્રી વિકાસ ઓડીસી-૧ માંથી - ૦૩, આંબેડકર કોલોનીમાંથી ૦૩, મહિલા કોલેજમાંથી - ૦૩, નાના મવા સર્કલ ઓડીસી-૧ માંથી-૩, યાજ્ઞિક રોડ ટી પોઈન્ટમાંથી ૦૩, સદર બજાર ચોકમાંથી-૩, અને જુબેલી ચોક ઓડીસી ૩ માંથી -૩ બેટરીની ચોરી કરેલ હતી.

# સોશિયલ મીડિયામાં હથિયાર સાથે રીલ્સ બનાવવી ભારે પડીઃ ચાર સામે ફરિયાદ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં બે દિવસ અગાઉ સોશિયલ મીડિયામાં ગન સાથેના ફોટા કરતા બે શખ્સો સામે કાર્યવાહી કરવામાં આવી હતી ત્યારબાદ આજે ફરી વધુ ૪ નબીરાઓને સોશિયલ મીડિયા પર હથિયાર સાથે ફોટા વાયરલ કરવા ભારે પડ્યા છે. ૪ નબીરાઓને જામનગર સાયબર ક્રાઈમ પોલીસની ટીમે ઝડપી પાડ્યા છે. તેમની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે.

લોકોમાં પોતાની અનોખી ઓળખ બનાવવા માટે હથિયાર સાથે અલગ અલગ પ્લેટ ફોર્મ પર વીડીયો તથા ફોટો અપલોડ કરાયા હતા.જેથી જાહેર જનતાની સુરક્ષા માટે જામનગર પોલીસ ની ટિમ દ્વારા મોનીટરીંગ શરૂ કરવામાં આવ્યું હતું.

સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા સતત સોશિયલ મીડીયા મોનીટરીંગ કરતા હોય જે દરમ્યાન અલગ અલગ ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. ધારકો દ્વારા પોતાની આઈ.ડી. ફેમસ કરવા પિસ્ટલ તથા એરગન વાળા ફોટાઓ રાખી જીલ્લા કલેકટર ના હથીયાર બંધી જાહેરનામાં નો ભંગ કરેલ હોય જેઓ વિરુધ્ધ ગુજરાત પોલીસ એકટ કલમ મુજબ અલગ અલગ ૪ ગુન્હા દાખલ કરવામાં આવ્યા છે. જે મુજબ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી.વી.ગોહીલ અને સ્ટાફ દ્વારા આરોપીઓ અભયપુરી જીતેન્દ્રપુરી ગૌસ્વામી (રહે. કામદાર કોલોની), દેવ કૌશીકભાઈ ભટ્ટ ( ખોડીયાર કોલોની, નિલકમલ સોસાયટી, શેરી નં.૨), જયપાલસિહ વિક્રમસિહ ગોહિલ ( રહે. બાલાજી પાર્ક-૨, પ્લોટ નં. ૨૪/૨, ડીફેન્સ કોલોનીની બાજુમા) અને રાહુલભાઈ ઈશ્વરભાઈ ભટ્ટ (રહે. ખોડીયાર કોલોની, નિલકમલ સોસાયટી, શેરી નં. ૪, જામનગર) ને ઝડપી લઈ તેની સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવી છે. અને તેની પાસેથી હથિયાર કબજે કરાયા છે.

# સેલ્ફ ડ્રાઈવ માં કાર લઈ જવાના બહાને તબીબ સહિત ત્રણ સાથે છેતરપિંડી

## મિત્રએ તબીબના નામે લોન પર કાર લઈ હપ્તા ન ભર્યા, કાર પણ લઈ ગયોઃ બીજા બનાવમાં હોસ્પિટલના કામનું કહી મિત્રની કાર લઈ ગયોઃ ત્રીજી ઘટનામાં સેલ્ફ ડ્રાઈવમાં કાર લઈ જઈ જામનગર ગીરવે મુકી દીધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં તબીબ સહિત ત્રણ કારધારક સાથે કાર પર લોન લઈ જઈ કે હમણા આવું કહીને, સેલ્ફ ડ્રાઈવમાં કાર હંકારી જઈ ગીરવે મુકી લોન લઈને કારસ્તાન, છેતરપિંડી આચર્ષાની અલગ-અલગ ત્રણ પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

ગાંધીગ્રામના જીવંતીકાનગરમાં રહેતા તબીબ વિવેક ધર્મેન્દ્રભાઈ મોદી (ઉ.વ.૨૭) નામે સોડવદર રહેતા મિત્ર રજનીકાંત ઉર્ફે રજનીશ સુરેશભાઈ સારીખડાએ કાર ખરીદવી છે કહી તબીબનો તમારા નામે લોન લઈ લવ, હપ્તા ભરીશ કહી તબીબ મોદીના નામે બ્રેઝા કાર ખરીદ કરી હતી. ૧૧ લાખની લોન લીધી હતી.

કારનો મહિને ૨૩,૦૭૫ હપ્તો હતો. ૬થી ૭ હપ્તા ભર્યા બાદ આરોપી રજનીકાંતે હપ્તા ભરવાનું બંધ કરી દીધું હતું. બેન્ક દ્વારા ઉપરાણી થતી હોવાથી તબીબે મિત્ર રજનીને અવારનવાર હપ્તા ભરવા કહ્યું અથવા તો કાર પરત કરવા કહ્યું છતાં રજનીએ ન તો હપ્તા ભર્યા કે કાર પણ પરત કરી ન હતી. અંતે દોસ્ત-દોસ્ત ના રહાની માફક છેતરાયેલા ડો.વિવેક મોદીએ સોડવદરના વતની રજનીકાંત સારીખડા સામે ગાંધીગ્રામ પોલીસ મથકે ગુનો નોંધાવ્યો છે.

બીજા બનાવમાં ૧૫૦ ફૂટ રિંગરોડ પર આશ્રય ગ્રીન એપાર્ટમેન્ટમાં રહેતા કારખાનેદાર ઋષિ હિંમતભાઈ ચોવટિયા કોઠારિયા ચોકડી પાસે સંસ્કાર ઈન્ડસ્ટ્રીઝમાં સત્યમ એન્ટરપ્રાઈઝ નામે હાર્ડવેરનું કારખાનું ધરાવે છે. તેની ન હતી જેથી ફોન કરતાં કહ્યું કે હજુ દવાખાનાનું કામ છે. બે-ત્રણ દિવસમાં આપી જઈશ.

ત્યારબાદ અવારનવાર ફોન કરતાં જુદા જુદા બહાના બતાવતો હતો જેથી તેણે પરે ભાવનગર રોડ પર માંડાડુંગર રોડ પાસે જતા ત્યાંથી એવું જાણવા મળ્યું કે તે મકાન ખાલી કરીને અન્ય જગ્યાએ રહેવા ચાલ્યો ગયો છે. જી.જે.૦૩-એન.કે.૫૦૦૬ નંબરની સ્કોર્પિયો કાર મવડી ચોકડી પાસે બેઠક ધરાવતો મિત્ર વિજયસિંહ વાઘેલા લઈ ગયો હતો. બીજા દિવસે પરત આપી ગયો હતો. ત્યારબાદ ગત વર્ષે તા.૧૫-૧૧-૨૪ના રોજ વિજયસિંહ ફરી હોસ્પિટલનું કામ છે. ચાર-પાંચ દિવસ કાર પોતે રાખશે પછી આપી જશે કહી કાર લઈ ગયો હતો. એક અઠવાડિયું થવા છતાં કાર પરત કરી

કરતો ન્હોતો જેથી તાલુકા પોલીસ મથકમાં યુવકે અરજી કરી હતી જે આધારે તપાસ બાદ પોલીસે આરોપી વિજયસિંહ મોહનસિંહ વાઘેલા સામે છેતરપિંડી, વિશ્વાસઘાતનો ગુનો નોંધ્યો છે.

ત્રીજા બનાવમાં કાલાવડ રોડ પર શિવશક્તિ કો-ઓ.હા. કોલોનીમાં રહેતા ટ્રાવેલ્સ ધંધાર્થી વિજય નવીનભાઈ પાનસુરિયા (ઉ.વ.૨૮)એ સહકારનગર મેઈન રોડ, શ્રીનગર શેરી નં.૫માં રહેતા પરા જયંતીભાઈ જોશી સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં ધારી સવારી નામે ત્રણ ભાગીદાર સાથે ટ્રાવેલ્સનો વ્યવસાય કરે છે. સેલ્ફ ડ્રાઈવમાં કાર ભાડે આપે છે. ગત તા.૩ના રોજ વિજયના જ ભાઈ જીજ્ઞેશનો પરિચિત પશ જોશી કચ્છ દર્શને જવું છે કહી એક દિવસના ૨૦૦૦ રૂપિયાના ભાડે જી.જે.૩-એમ.એલ.૪૨૩૦ નંબરની ઓરા હોન્ડા કાર ભાડે લઈ ગયો હતો. વિજયે તા.૪ના ફોન કરતાં બહેનના લગ્ન હોવાથી કાર કાલે આપી જશે તેવું કહ્યું હતું. તા.૬ના ફોન કર્યો તો કહ્યું કે સાંજે મુકી જઈશ ત્યારબાદ ફોન રિસીવ કરવાનું બંધ કરી દીધું હતું.

ફોન રિસીવ ન થતાં રાત્રે તેના ઘરે વિજય જતાં ત્યાં પશ હાજર ન હતો. ત્યારબાદ યશનો વિજયને ફોન આવ્યો કે તમારી કાર જામનગરમાં એક લાખ રૂપિયામાં ગીરવે મુકી છે. રૂપિયા આપો એટલે આપણે કાર લઈ આવીએ. આમ, સેલ્ફ ડ્રાઈવના નામે કાર લઈ જઈ ગીરવે મુકી છેતરપિંડી આચર્યાના આરોપસર વિજય પાનસુરિયાએ યુનિવર્સિટી પોલીસ મથકે આરોપી યશ જોશી સામે ફરિયાદ નોંધાવી છે.

# વેલનાથપરામાં પિતાએ કામ ધંધો નહિ કરતા પુત્રને ફડાકા મારતા કર્યો આપઘાતનો પ્રયાસ

## યુવાને ઝેરી દવા પી લેતા સારવાર માટે ખસેડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ પર વેલનાથપરામાં કામ ધંધો કરતો ન હોવાથી પિતાએ ફડાકા મારતાં લાગી આવવાથી પુત્રએ ઝેરી દવા પી લેતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

જાણવા મળતી વિગત મુજબ, વેલનાથપરામાં રહેતાં મહેશ જીતુભાઈ ડાભી (ઉ.૧૮) નામનો



યુવાન આજે સવારે પોતાના ઘરે ઝેરી દવા પી લેતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી બી-ડીવીઝન પોલીસને જાણ કરતાં પોલીસે હોસ્પિટલે દોડી જઈ વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં મહેશ ત્રણ ભાઈમાં નાનો અને ભંગારની ફેરી કરતો હોય છેલ્લા કેટલાક દિવસથી કામ ધંધો કરતો ન હોવાથી તેના પિતા જીતુભાઈએ ઠપકો આપી બે ફડાકા મારી લીધા હતાં. જેથી પિતાએ માર મારતાં મહેશને લાગી આવ્યું હતું અને તેને ઝેરી દવા પી લીધાનું જાણવા મળ્યું છે.

# બગસરામાં માસુમ પુત્રની હત્યા કર્યા બાદ માતાનો આપઘાતનો પ્રયાસ

## ખેંચની બિમારીથી કંટાળી પગલુ ભર્યુંઃ પરિણીતા સારવારમાં

**મુખ્ય સમાચાર, બગસરા**

બગસરામાં માતાના હાથે ૧૧ માસના સંતાનનું ઝેરી દવા પીવડાવી મોત નીપજવિયાની ફરિયાદ નોંધાવી હતી જેમાં માતાએ પોતાની ખેચની બીમા-રીથી કંટાળી દવાનો પાવડર બનાવીને બાળકને પીવડાવી દીધેલ હતું અને પોતે પણ આ દવા પી ગયેલ હતી

જ્યારે બંનેની તબિયત લથડતા પ્રથમ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ બગસરા અને ત્યારબાદ અમરેલી સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા તે દરમિયાન બાળકનું મોત નીપજ્યું હતું જ્યારે આ મહિલા બચી ગઈ હતી.

આ બાબતે તેમના પતિ ચંદુભાઈ રાઠોડ જેઓ રહે મેઘાણી નગર બગસરા એ બગસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે કે મારી પત્ની રીંકલબેન ચંદુભાઈ રાઠોડ એ મારા સંતાન નૈતિક ચંદુભાઈ રાઠોડને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો છે. આ બાબતની ફરિયાદ નોંધાવી હતી ત્યારે તેમના દ્વારા કહેવામાં આવ્યું હતું કે મારી પત્નીને ખેંચની બીમારી હતી પરંતુ મારા બાળકને શું કામ માર્યો? આ મહિલાની પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવી ત્યારે તેમણે જણાવ્યું કે હું મારી બીમારીથી કંટાળી ગઈ હતી એટલે મેં પહેલા મારા સંતાનને ઝેરી દવા પિવાડી માર્યો અને ત્યારબાદ મેં પણ ઝેરી દવા પી લીધેલી હતી જ્યારે આ મહિલા હાલ અમરેલી સિવિલ ખાતે સારવાર લઇ રહેલ છે.

આ બાબતે વધુ તપાસ બગસરા પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે. અને હત્યાંનો ગુનો નોંધવામાં આવ્યો છે.

# શ્રીનાથજી સોસાયટીમા માનસિક બિમારીથી ત્રસ્ત યુવકે કરી આત્મહત્યા

## યુવાને ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતાં પરિવાર શોકમાં ગરકાવ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મવડી વિસ્તારમાં આવેલી શ્રીનાથજી સોસાયટીમાં માનસિક બિમારીથી કંટાળી યુવાને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ, શ્રીનાથજી સોસાયટી શેરી નં.૧૫માં રહેતાં અજીતસિંહ જોરૂભા જાડેજા (ઉ.૩૦) નામના યુવાન આજે સવારે પોતાના ઘરે ઉપરના માળે પંખામાં ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તેનો નાનો ભાઈ ઉપર કપડા લેવા જતાં ભાઈને લટકતો જોઈ હતપ્રભ બની ગયો હતો. બનાવની જાણ થતાં માલવીયાનગર પોલીસે ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહને પીએમ તદર્શન અર્થે સિવિલ હોસિપટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક બે ભાઈ બે બહેનમાં મોટો અને છુટક બાંધકામનું કામ કરતો હતો. માનસિક બિમારીથી કંટાળી આ પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે.

# રાજકોટના બે કોન્સ્ટેબલને ડીસમીસ કરાતા પોલીસ બેડામાં ખળભળાટ

**મુખ્ય સમાચા, રાજકોટ**

શહેરના સાયબર કાઈમ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં કોન્સ્ટેબલ પૃથ્વીરાજસિંહ અને ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં કોન્સ્ટેબલ રાજદીપસિંહને ડિસમિસ કરી દેવામાં આવતા પોલીસબેડામાં સોપો પડી ગયો હતો. ચાર વર્ષ પહેલાં બંને નશાખોર હાલતમાં વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપાયા હતા અને આ કેસમાં બંનેને કસૂરવાર ઠેરવી નોકરીમાંથી પાણીચું આપી દેવામાં આવ્યું છે. સાયબર ક્રાઈમ પોલી સ્ટેશનમાં ફરજ બજાવતાં કોન્સ્ટેબલ પૃથ્વીરાજસિંહ રણજિતસિંહ જાડેજા અને ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં રાજદીપસિંહ અશોકસિંહ જાડેજા વર્ષ ૨૦૨૧માં સ્કોર્પિયોમાં રાજકોટ તરફ આવી રહ્યા હતા અને વાંકાનેર પંથકમાં તેમની સ્કોર્પિયો પલટી ખાઈ ગઈ હતી. ઘટનાને પગલે લોકોના ટોળાં એકઠા થઈ ગયા હતા. સ્કોર્પિયોમાં બેઠેલા બંને કોન્સ્ટેબલ પૃથ્વીરાજસિંહ અને રાજદીપસિંહ નશાની હાલતમાં હતા અને સ્કોર્પિયોમાંથી પણ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. કોઈ જાગૃત નાગરિકે જાણ કરતાં સ્થાનિક પોલીસ દોડી ગઈ હતી અને બંને પોલીસમેન સામે નશો કરવા અંગે અને દારૂના કબજાનો ગુનો નોંધાયો હતો. બંને કોન્સ્ટેબલ રાજકોટ શહેર પોલીસબેડામાં ફરજ બજાવતા હોવાથી ગુનો નોંધાયા અંગેની રાજકોટ પોલીસને તત્કાલીન સમયે જાણ કરવામાં આવી હતી અને બંને પોલીસમેન સામે ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી હતી. ખાતાકીય તપાસમાં બંને કોન્સ્ટેબલ સામેના આરોપ થતાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ પૃથ્વીરાજસિંહ જાડેજા અને ભક્તિનગર પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ રાજદીપસિંહ જાડેજાને ડિસમિસ કરી દેવામાં આવ્યા હતા. બંને કોન્સ્ટેબલે કેફિયત આપી હતી કે, તેમના સંબંધીના લગ્ન હોય પ્રસંગમાં આવનાર મહેમાનો માટે દારૂ લેવા ગયા હતા અને દારૂ લઈને પરત જતા હતા ત્યારે અકસ્માત થતાં ભાંડો ફૂટ્યો હતો

# ડાયરેકટર મહેશભાઈનું પ્લેન ક્રેશમાં મૃત્યુઃ ડીએનએ સેમ્પલ મેચ થયા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

તાજેતરમાં પ્લેન ક્રેશ થવાની ઘટનામાં મરણ જનારના ડીએનએ સેમ્પલ મેચ થતા, પાર્થિવ શરીર પરિવારજનોને સોંપવાની કાર્યવાહી ચાલુ છે.

શહેરના ખાતે મેઘાણીનગર વિસ્તારમાં પ્લેન ક્રેશના બનાવ બન્યો ત્યાર પછી નરોડા વિસ્તારમાં મુરલીધર હાઇટ્સ, ડી માર્ટ ખાતે રહેતા મહેશભાઈ ગીરધરભાઈ કાલાવાડિયા ઉર્ફે જીરાવાલા (ઉ.વ. ૩૪), કે જેઓ ગુજરાતી ફિલ્મ ડાયરેક્ટર હતા, તેઓ પોતાની એક્ટિવા લઈને ઘરેથી નીકળ્યા બાદ શાહીબાગ સિવિલ હોસ્પિટલની આજુબાજુથી ગુમ થયેલા હોય, તેઓને ભાઈ કાર્તિકભાઈ ગીરધરભાઈ કાલાવાડિયા દ્વારા તેઓ ગુમ થવા બાબતની જાણવા જોગ નરોડા પોલીસ સ્ટેશન ખાતે કરવામાં આવેલ હતી. આ બાબતે નરોડા પોલીસ સ્ટેશનના પીઆઈ પી.વી. ગોહિલ, શાહીબાગ પીઆઈ તથા સ્ટાફ દ્વારા ટેકનિકલ સોર્સ આધારે



નરોડા ખાતે રહેતા અને ગૂમ થયેલા ગુજરાતી ફિલ્મના ડાયરેકટરનુ એક્ટીવા સળગેલી હાલતમાં મળ્યું હતું

ગુમ થનાર મહેશ કાલાવાડિયા ઉર્ફે મહેશ જીરાવાલા એર ક્રેશના બનાવની જગ્યાની નજીકમાં મોબાઈલ ફોન સ્વીચ ઓફ થયેલ હોવાની વિગતો મળેલ હતી. જો કે, મહેશભાઈના પરિવારજનો પ્લેનક્રેશમાં મૃત્યુ પામ્યા હોવાનું માનતા ન હતા.

શહેરના સંયુક્ત પોલીસ કમિશ્નર જયપાલસિંહ રાઠોડ, ડીસીપી શ્રી રવિ મોહન સૈની દ્વારા આ ગુમ થનાર મહેશભાઈ કાલાવાડિયાના પરિવારજનોને સમજાવી, ડીએનએ લેવા જરૂરી હોવાની સમજણ આપી, શંકા દૂર કરવા પણ ડીએનએ ટેસ્ટ જરૂરી હોવાનું જણાવતા, મહેશભાઈના ભાઈ કાર્તિક કાલાવાડિયાના ડીએનએ નમૂના લેવડાવવામાં આવેલ હતા. ફોરેન્સિક ડિપાર્ટમેન્ટ દ્વારા ડીએનએ ટેસ્ટ નો રિપોર્ટ આવતા, આશ્ચર્યજનક રીતે પોલીસ દ્વારા બનાવ સ્થળેથી કબજે કરવામાં આવેલ ડેડબોડી સાથે ડીએનએ નમૂના મેચ થતા, પ્લેન ક્રેશમાં જ મહેશભાઈ કાલાવાડિયાનું મૃત્યુ થયું હોવાની વિગતો બહાર આવી હતી.

બંદોબસ્તમાં રહેલ એસીપી કૃણાલ દેસાઈ, એસીપી રીના રાઠવા તેમજ સ્ટાફ દ્વારા પરિવારજનોને સાંત્વના આપી, સમજાવી ગુમ થયેલ મહેશભાઈ કાલાવાડિયા ઉર્ફે મહેશભાઈ જીરાવાલાના પાર્થિવ દેહનો કબજો સોંપવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

# છૂટાછેડા માટે ૨૫ લાખની માંગણી કરી સાસરીયાએ ધમકી આપતા યુવાનનો આપઘાતનો પ્રયાસ

## છ મહિનાના લગ્ન ગાળામાં અવાર નવાર આત્મહત્યા કરવાની ધમકી આપતી દીકરીનુ ઉપરાણું લેતા હોવાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ગાંધીગ્રામના ગોવિંદનગરમાં પંકેશભાઈ રમેશભાઈ છૈયા(ઉ.૨૫)એ તેમની પત્ની સોનલ રાયમલ શિયાર, સાસુ રાધુબેન અને સસરા રાયમલ વિરૂદ્ધ ગાંધીગ્રામમાં ફરિયાદ નોંધાવી હતી અને તેમણે જણાવ્યું કે તેમના લગ્ન બાદ પત્ની અવારનવાર ત્રાસ આપી માથાકૂટ કરતી અને સાસરિયાઓ ઘરે આવી તેનું ઉપરાણું લઈ કહેતા કે મારી દીકરીને કંઈ કહેવું નહીં અને છુટાછેડા જેઈતા હોય તો ૨૫ લાખ આપો તેમ કહેતા કંટાળી ગયેલા યુવાને ઝેરી દવા પી લઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના લગ્ન ગઈ તા.૧૦/૧૨/૨૦૨૪ સોનલબેન રાયમલભાઈ શિયાર (રહે.મહાવીરનગર શેરી નં. ૩ (ક), રાધે હાર્ડવેરની બાજુમાં, ૮૦ ફુટ રોડ) સાથે થયેલ અને અમારા આ બીજા લગ્ન અમોએ ફુલ હાર કરી ઘરમેળે કરેલ હોવાથી લગ્નના કોઈ કાગળો મારી પાસે નથી. ગઈ તા.૧૦/૧૨/૨૦૨૪ ના રોજથી અમો પતિ પત્ની એકબીજાની સાથે રહેતા હોય અમારા પત્ની અમારી સાથે રહેતા હોવા છતાં લગ્નની પ્રથમ રાતથી આજદીન સુધી અમારી સાથે કોઈ લગ્ન સંબંધ બાંધેલા નથી અને અમો અમારા પત્ની સોનલને ખુબ સારી રીતે રાખતા હોવા છતાં ઘરની નાની નાની વાતોમાં મારા પત્ની અમારી સાથે અવારનવાર બોલાચાલી તથા ઝઘડાઓ કરતાં હતા.

જેથી ગઇ તા.૦૫/૦૬ના રોજ બપોરના અમારા ઘરે હતા ત્યારે મેં મારા પત્નીને કહેલ કે, આપડે બાળક વિશે હવે વિચારવું પડશે જેથી મારી પત્નીએ કહેલ કે,તું તારી રીતે રહે હું મારી રીતે રહું તેમ કહેતા મારા પત્ની સોનલે મને ધમકી આપતા કહેલ કે, હું આત્મહત્યા કરી લઈશ અને તમારા બધાના નામ લખતી જઈશ અને તમને બધાને ખોટા કેસમાં ફીટ કરાવીને તમારી જીંદગી બરબાદ કરી નાખીશ.'' આવી રીતે અમારે પતિ પત્નીને એકબીજા સાથે નાની વાતોમાં બોલાચાલી થતાં અમોને જાણ કર્યા વગર મારા પત્ની તેમના ઘરે (પિયર) જતી રહી હતી.

બાદ ગઇ તા.૦૭/૦૬ના રોજ સવારના આશરે દશેક વાગ્યાની આસપાસ મારા સાળા તથા મારા સાસુ રાધુબેન તથા મારા સસરા રાયમલભાઈ શિયાર તથા મારા પત્ની અમારા ઘરે આવીને અમારી સાથે આ બાબતે ઝઘડો કરેલ. અને મારા સાસુએ મને કહેલ કે, અમારી દીકરીને તમારે કાંઈ નહીં કહેવાનું તેને જેમ રહેવું હોય તેમ રહેવા દેવાની તેને કાંઈ કહેશો તો તમારા બધાની જીંદગી બરબાદ કરી નાખીશુ.જેથી મન માં લાગી આવતા મેં મારી જાતે ઝેરી દવા પી લીધી હતી.બાદમાં અમારા પરીવારના સભ્યો મારા પત્નીના ઘરે ગયેલ હોય જેમાંથી મારા સાસુ તથા સસરાએ કહેલ કે, તમારે છૂટાછેડા કરવા હોય તો ૨૫ લાખ આપો જેવી પૈસાની માંગણી કરતા અંતે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# રૈયાધારમાં યુવકને બેલડીએ માર મારી રોકડ રકમની લુંટ ચલાવ્યાનો આક્ષેપ

## કલર કામના પૈસા લઈ પરત ફરતા યુવાનને રસ્તામાં ગઠિયાનો ભેટોઃ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૈયાધાર વિસ્તારમાં રહેતો અને કલર કામ કરતો યુવાન કામના રૂપિયા લઈ પરત આવતો હતો ત્યારે રસ્તામાં બે શખ્સોએ આંતરી માર માર્યો હતો. જેથી તેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેણે માર મારનાર બન્ને શખ્સોએ રૂપિયા પાંચ હજાર લુંટી લીધાનો આક્ષેપ કરતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ, રૈયાધારમાં આવેલા ઈન્દીરાનગરમાં રહેતો સાગર ચતુરભાઈ ડોડીયા (ઉ.૩૨) નામનો યુવાન ગઈકાલે રાત્રે રૈયાધાર ત્રણ માળીયા કવાર્ટર પાસે હતો ત્યારે ગોગી અને શક્તિએ ઝઘડો કરી માર મારતાં તેને સારવાર માટે આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં સાગર એક ભાઈ ચાર બહેનમાં વચેટ અને કલર કામ કરે છે. તેનું કામ ચાલુ હોય જેના રૂપિયા પાંચ હજાર લેવા માટે તે ગઈકાલે ગયો હતો. જ્યાંથી રૂપિયા લઈ પરત આવતો હતો ત્યારે રસ્તામાં બન્ને શખ્સોએ તેને આંતરી માર મારી ખીસ્સામાંથી રૂપિયા પાંચ હજાર કાઢી લીધાનો આક્ષેપ કર્યો હતો. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી યુનિવર્સિટી પોલીસને જાણ કરતાં પોલીસે હોસ્પિટલે દોડી જઈ વધુ તપાસ હાથ ધરી છે.